નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ, દેવીદયાલ રોડ, સર્વોદય નગર, તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૨૬ ● સળંગ અંક : ૧૩૪૨ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૭ જુલાઈ – ૨૩ જુલાઈ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st July - 31st December 2024
STAMP FRANKING Now Available
With LOWEST INTEREST Rates, we are still very much Co-operative
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49% (p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score. Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com
@ Arihant Bank

# ક્લાસિફાઈડ્સ

## ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).

સંપર્ક : **9322257731**
gurjarmat@gmail.com
www.facebook.com gurjarmat
www.gurjarmat.com

## ખાસ નોંધ

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

## Display Advt. Rates

**First colour Page**
Rs.40/- Per Sq.cm.
**Last colour Page**
Rs.32/- Per Sq.cm.
**Inner Colour Page**
Rs.24/- Per Sq.cm.

## શૈક્ષણિક

**French Classes**
I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**English Grammar Tuitions Board: ICSE/CBSE**
Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

**MANISHA'S CLASSES**
Specialised in Vaze, St Mary's, St Pius, Vani School, Std 5th to 10th Also taking 11 th 12 commerce. Call : **9769869229** 6710 (1342)

## મહિલા માટે

**1+1 Free**
બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**
૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## ટૂર અને ટ્રાવેલ્સ

**પિતૃ તર્પણ**
સિધ્ધપુર અને ગયાજી (બિહાર) સપ્ટે, નવેમ્બર પેકેજ. **ઉદય ડી.જોષી** (નખત્રાણા-કચ્છવાળા) **9324615113** 6292 (1348)

## જગ્યા સંબંધી

**COMMERCIAL PREMISES ON LEASE RENT**
2200 sq.ft. Carpet, Ground Floor, Wide Frontage (28 ft.), 24 Hours Water Supply with Self Contained, available for Rental on Lease.
**-: Ideal for :-**
Bank (with Strong Room), Restaurant, Classes, Super Market, Pathology Lab, Nursing Home.
Address : 1 & 2, Vasudha Building, B.P.S.Road, Mulund (West), Mumbai - 400 080.
**Call : 8097210000 / 8422970234**

મુલુંડ વેસ્ટ સર્વોદય નગર આર્સેન્સિયલમાં OC પ્રાપ્ત 2 BHK 615 કાર્પેટ એરીયાનો ફ્લેટ વેંચવો કે ભાડે આપવો છે. **નિલેશ - 9323901171, 8779897074** 6297 (1342)

**Oberoi Eternia**
3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1384)

**Oberoi Enigma**
3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1384)

**શ્રી એસ્ટેટ એજેન્સી**
ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

**જગ્યા ભાડે આપવાની છે**
ન્યુ યુનિક ઈન્ડસ્ટ્રીયલમાં ગાળો 1100 સ્કે.ફુટ ભાડે આપવાનો છે. સાઈ સંતોષ, તાંબેનગર 550 સ્કે.ફુટ, ફુલ્લી ફર્નિશ્ડ, ગ્રાઉન્ડ ફ્લોર ભાડે આપવાનો છે. દલાલ માફ. સંપર્ક : **7208022278.** 308(1342)

**FLAT FOR SALE**
ADARSHVILLA, DR. R.P. ROAD, NEAR STATION, MULUND (WEST).
339 SQ FT CARPET. 1 BED, ROOM, KITCHEN CONVERTED. Fully Furnished 1st flr.
**PRICE: 80 LACS**
**SHAILESH-9820712653**

વનબેડ 534 કારપેટ ફર્નિશ્ડ, પાર્કીંગ, OC, માસ્ટર બેડ 27000 ભાવ વેચાણથી ૨ બેડ ફર્નિશ્ડ, 175 ૩ બેડ અનફર્નિશ્ડ 185, ૪ બેડ 1700 + ફૂટ 440 દેવીદયાલ ગાર્ડન નજીક વેચાણ/ ઈન્ડગાળા 2500 ફૂટ 270, 1135, 1000 ફૂટ ૨ ગાળા વેચાણથી 180/ વન બેડ ભાડે પાર્કીંગ સાથે 32000/ તેમજ ફાયદાથી ઘણું બધું. **સંપર્ક : અતુલ કતીરા - 98211 80931 87794 41915** 131 (1382)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો**
**મેળાપથી હસ્તમેળાપ સુધી**
ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પુરી કરો. 1227 (1376)

## જ્યોતિષશાસ્ત્ર

૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ **શ્રી સમીર સેજપાલ** દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**
(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોતિર્જ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : **98192 98404** (એપોઈન્ટમેન્ટ જરૂરી)

## ધંધાકીય

**કવર! કવર!! કવર!!!**
ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 642 (1352)

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 0973040287 9, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**
જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબીડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 1091 (1344)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**
૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**વોશીંગ મશીન રીપેરીંગ**
શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

## ધંધાકીય

**Jainam Publicity**
પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 257 (1348)

**RVS Pest Control**
Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** (1363)

**મામલ ફુડસ**
કચ્છની મીઠી લાલ-પીળી ખારેક, બાજરાનો લોટ, પેંડા, સાટા, પકવાન. સંપર્ક : **86938 35501** 063 (1354)

## નોકરી સંબંધી

Wanted Office Assistant and Peon, Location Mulund East. Contact : **9892663947** 6714 (1345)

**મેડીક્લેઈમ પોલીસી**
ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ પોલીસી ૫ લાખથી ૧ કરોડ ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ સાથે પોર્ટેબીલીટી મળશે. વધુ વિગત માટે **દીલીપભાઈ-91366 21227** 6711 (1343)

Job in Insurance Sector
Call : **9773661090**

**For Advertise**
**9322257731**

**હરીશ ખોંભડીયા પ્રસ્તુત**
**ઈર્શાદ ગઝલ કોર્નર...**

**ગઝલ**

મળે જ્યાં ઢાળ ત્યાં ઢળવું સ્વભાવમાં જ નથી
નજર છે ઊંચે, ઉતરવું સ્વભાવમાં જ નથી
દરેક પણને ખરવું પસંદ હોય નહીં
છતાં ખરે છે, અખરવું સ્વભાવમાં જ નથી
મુસીબતોને મહોબત કરીને જીવી જશું
કે કરગરીને ઉગરવું સ્વભાવમાં જ નથી
ઉડાન મારી અહીં પાંખને છે આભારી
પતંગ જેવું તો ઊડવું સ્વભાવમાં જ નથી
સમય, સુગંધ, પવન, પાણી જેવા તારા વિચાર
સતત વહે છે, અટકવું સ્વભાવમાં જ નથી



હર્ષવી પટેલ
સંકલન :હરીશ ખોંભડીયા

પોસ્ટ ખાતાની વિવિધ બચત
તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન – મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૨૬ • સળંગ અંક : ૧૩૪૨ • મુંબઈ • બુધવાર • તા.૧૭ જુલાઈ – ૨૩ જુલાઈ ૨૦૨૪ • કુલ પાના : ૨૪ • કિંમત રૂા.૫.૦૦

### વડાપ્રધાને મુંબઈ માટે આપી રૂા.૨૯,૪૦૦ કરોડના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની સોગાત

## ₹300 કરોડના પ્રોજેક્ટની ગોરેગાંવ-મુલુંડ લીંક રોડ

# ટ્વીન ટનલનું ભૂમિપૂજન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થાણે અને બોરીવલી વચ્ચે બે જોડિયા ટનલનો તેમજ ગોરેગાંવ મુલુંડ લિંક રોડનો શિલાન્યાસ કર્યો અને મુંબઈમાં રૂા.૨૯,૪૦૦ કરોડના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્દઘાટન કર્યું. મુંબઈમાં શરૂ કરાયેલા વિકાસ પ્રોજેક્ટ્સ કનેક્ટિવિટી વધારશે, શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નોંધપાત્ર રીતે અપગ્રેડ કરશે અને તે નાગરિકોને ઘણો ફાયદો થશે.

પીએમ મોદી વહેલી સવારે મુંબઈ પહોંચ્યા હતા અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

(અનુસંધાન ચોથા પાને)

શ્રી વિમલ એસ્ટેટ
2 BHK ગૌશાલા રોડ નવા ટાવરમાં, 676 કારપેટ વેચાણાર્થે
8104009694
9819864456

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
1 BHK ઝવેર રોડ, ફુલ્લી ફર્નિશ્ડ વેચવાનો છે, 475+ કારપેટ 1.45 કરોડ (નેગોશિયેબલ)
8169222044

શ્રી વિમલ એસ્ટેટ
4 BHK ટેરેસ અને 2 પાર્કિંગ સાથે, દેવીદયાલ રોડ ગાર્ડનની પાસે.
9819864456
8104009694






# મુખ્યમંત્રી તીર્થ દર્શન યોજના માટે નિર્ધારીત થયેલા યાત્રા ધામો

મહારાષ્ટ્રનાં જે જે તેની યાદી નિમ્નલિખિત છે. જેનો લાભ મુખ્યમંત્રી તીર્થ દર્શન યોજનાની શરતોને આધિન પાત્રતા ધરાવતા વરિષ્ઠ વડીલો આનો લાભ લઈ પુણ્ય અર્જિત કરી શકશે. યાત્રાધામો માટે મળશે લાભ ૧. સિદ્ધિવિનાયક મંદિર, મુંબઈ, ૨. મહાલક્ષ્મી મંદિર, મુંબઈ, ૩. ચૈત્યભૂમિ, દાદર-મુંબઈ, ૪. માઉન્ટ મેરી ચર્ચ (બાંદ્રા) મુંબઈ, ૫. મુંબાદેવી મંદિર, મુંબઈ, ૬. વાલકેશ્વર મંદિર, મલબાર હિલ-મુંબઈ, ૭. વિશ્વ વિપશ્યના પેગોડા, ગૌરાઈ-મુંબઈ, ૮. ચર્ચ ઓફ અવર લેડી ઓફ હેલ્થ, મુંબઈ ૯. સેન્ટ એન્ડ્યુ ચર્ચ, મુંબઈ, ૧૦. સેટ જોન બેપ્ટિસ્ટ ચર્ચ, સીપ્સ ઈન્ડસ્ટ્રીયલ એરિયા, અંધેરી-મુંબઈ, ૧૧. સેન્ટ જોન બેપ્ટિસ્ટ ચર્ચ, મરોલ-મુંબઈ, ૧૨. ગોડીજી પાર્શ્વનાથ મંદિર, મુંબઈ, ૧૩. નેસેટ એલિયાણું, મુંબઈ ૧૪. શાર હરહમીમ સિનાગોંગ, મસ્જિદ બંદર-મુંબઈ, ૧૫. મેગેન ડેવિડ સિનાગોંગ, ભાયખલા-મુંબઈ ૧૬. સેન્ટ જોન ધ બેપ્ટિસ્ટ ચર્ચ, થાણે, ૧૭. અગ્યારી/અગ્નિ મંદિર, થાણે ૧૮. મયુરેશ્વર મંદિર, મોરગાંવ-પુણે, ૧૯. ચિંતામણિ મંદિર, થેઉર પુણે ૨૦. ગિરિજાતમજ મંદિર, લેણ્યાદ્રી પુણે ૨૧. મહાગણપતિ મંદિર, રાજણગાવ પુણે ૨૨. ખંડોબા મંદિર, જેજુરી પુણે ૨૩. સંત જ્ઞાનેશ્વર સમાધિ મંદિર, આળંદી પુણે ૨૪. ભીમાશંકર જ્યોતિર્લિંગ મંદિર, પુણે ૨૫. સંત તુકારામ મહારાજ સમાધિ મંદિર, દેહુ પુણે ૨૬. સંત ચોખામેળા સમાધિ, પંઢરપુર સોલાપુર ૨૭. સંત સાવતમાળી સંમાધિ મંદિર, સોલાપુર ૨૮. વિઠોબા મંદિર, પંઢરપુર ૨૯. શિખર શિંગણાપુર સાતારા ૩૦. મહાલક્ષ્મી મંદિર, કોલ્હાપુર ૩૧. જોતિબા મંદિર કોલ્હાપુર ૩૨. જૈન મંદિર, કુંભોજ કોલ્હાપુર ૩૩. રેણુકા દેવી મંદિર, માપુર નાંદેડ ૩૪. ગુરુ ગોવિંદ સિહ સમાધિ, હઝુર સાહિબ, નાંદેડ ૩૫. ખંડોબા મંદિર, માલેગાંવ ૩૬. શ્રી સંત નામદેવ મહારાજ દેવસ્થાન, નાંદેડ ૩૭. તુળજા ભવાની મંદિર, તુળાપુર ધારાશિવ ૩૮. સંત એકનાથ સમાધિ, પૈઠણ છત્રપતિ સંભાજીનગર ૩૯. ઘૃષ્ણેશ્વર જ્યોર્તિલિંગ મંદિર, વેરૂળ છત્રપતિ સંભાજીનગર ૪૦. જૈન સ્મારકો, ઈલોરા ગુફાઓ, છત્રપતિ સંભાજીનગર ૪૧. વિઘ્નેશ્વર મંદિર, ઓઝર-નાસિક ૪૨. સંત નિવૃત્તિનાથ સમાધિ, ત્ર્યંબકેશ્વર ૪૩. ત્ર્યંબકેશ્વર શિવ મંદિર, ત્ર્યંબકેશ્વર નાસિક ૪૪. ફેરી નાસિક ૪૫. સપ્તશૃંગી મંદિર, વણી નાસિક ૪૬. કાલારામ મંદિર નાશિક ૪૭. જૈન મંદિરો, માંગી-તુંગી નાસિક. ૪૮. ગજપંથ નાસિક ૪૯. સંત સાંઈબાબા મંદિર, શિરડી ૫૦. સિદ્ધિવિનાયક મંદિર, સિદ્ધટેક-અહમદનગર ૫૧. શનિ મંદિર, શનિ શિંગણાપુર, અહમદનગર ૫૨. શ્રીક્ષેત્ર ભગવાનગઢ, પાઘડી અહેમદનગર ૫૩. બલ્લાલેશ્વર મંદિર, પાલી રાયગડ ૫૪. સંત ગજાનન મહારાજ મંદિર, શેગાંવ બુલઢાણા ૫૫. એકવીરા દેવી, પુણે ૫૬. શ્રી દત્ત મંદિર, ઔદુમ્બર સાંગલી ૫૭. કેદારેશ્વર મંદિર બીડ ૫૮. વૈજનાથ મંદિર, પરલી બીડ ૫૯. પાવસ રત્નાગીરી ૬૦. ગણપતિપુળે રત્નાગીરી ૬૧. મારલેશ્વર મંદિર રત્નાગીરી ૬૨. મહાકાલી દેવી, ચંદ્રપુર ૬૩. શ્રી કાળેસ્વરી ઉર્ફે કાલુબાઈ મંદિર સતારા ૬૪. અષ્ટદશભુજ (રામટેક) નાગપુર ૬૫. દીક્ષાભૂમિ નાગપુર ૬૬. ચિંતામણિ (કળંભ) યવતમાળ.

# ૬300 કરોડના પ્રોજેક્ટની ગોરેગાંવ-મુલુંડ લીંક રોડ ટ્વીન ટનલનું ભૂમિપૂજન... (પહેલા પાનેથી ચાલુ)

વડાપ્રધાન લોકમાન્ય તિલક ટર્મિનસ ખાતે નવા પ્લેટફોર્મ અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતે પ્લેટફોર્મ ૧૦ અને ૧૧ના વિસ્તરણ સહિત મહત્વના રોડ અને રેલ પ્રોજેક્ટનું પણ ઉદઘાટન કર્યુ હતું.

તેમણે નવી મુંબઈમાં તુર્ભે ખાતે મધ્ય રેલવેના કલ્યાણ યાર્ડ રિમોડેલિંગ અને ગતિ શક્તિ મલ્ટિ-મોડલ કાર્ગો ટર્મિનલનું શિલાન્યાસ કર્યું હતું. ગોરેગાંવમાં નેસ્કો એક્ઝિબિશન સેન્ટરમાં ઉદ્ઘાટન અને શિલાન્યાસ કાર્યક્રમ યોજાયું હતું. મુલાકાત દરમિયાન મોદી બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં આઈએનએસ સચિવાલયની પણ મુલાકાત લીધી હતી.

**કયા મુખ્ય પ્રોજેક્ટ લોન્ચ થયા?**

એમએમઆરડીએના પ્રવક્તાએ વડાપ્રધાનએ લોન્ચ કરેલ પ્રોજેક્ટ બાબતે જણાવ્યું હતું કે મુલાકાત દરમિયાન પીએમ થાણે-બોરીવલી ટનલ પ્રોજેક્ટનો શિલાન્યાસ જેનું નિર્માણ રૂા.૧૬,૬૦૦ કરોડમાં થઈ રહ્યું છે. આ ટ્વીન ટ્યુબ ટનલ સંજય ગાંધી નેશનલ પાર્કની નીચેથી પસાર થશે અને બોરીવલી ખાતેના વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને થાણેના ઘોડબંદર રોડ વચ્ચે સીધો જોડાણ બનાવશે. બોરીવલી-થાણે લિંક રોડ થાણેથી બોરીવલી સુધીની મુસાફરીમાં ૧૨ કિલોમીટરનો ઘટાડો કરશે અને મુસાફરીના સમયમાં એક કલાકની બચત કરશે.

## ગોરેગાંવ મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ ચાર તબક્કામાં પૂર્ણતા પામશે

જીએમએલઆર પ્રોજેક્ટનું કામ કુલ ચાર તબક્કામાં કરવામાં આવવાનું છે. પ્રોજેક્ટની કુલ લંબાઈ ૧૨.૨૦ કિલોમીટરની છે. સંપૂર્ણ પ્રોજેક્ટ માટે લગભગ ૧૪,000 કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. પહેલા તબક્કામાં નાહૂર રેલવે સ્ટેશન પાસેના રસ્તા સહિત હાલના ફલાયઓવરને પહોળો કરવાનું કામ બીજા તબક્કામાં ૩૦ મીટર પહોળા રસ્તાને ૪૫.૭૦ મીટર સુધી પહોળો કરવો અને ત્રીજા તબક્કામાં (એ)માં ફલાયઓવર, એલિવેટેડ રોટરીનું બાંધકામ કરવામાં આવવાનું છે અને ત્રીજા તબક્કામાં (બી)માં ગોરેગામમાં ફિલ્મ સીટી પાસે ૧.૨૨ કિલોમીટર લંબાઈનો ત્રણ બાય ત્રણનો રહેલ કટ એન્ડ કવર અને નેશનલ પાર્ક નીચેથી ૪.૭ કિલોમિટરની બે અલગ અલગ ટ્વીન ટનલનું કામ તો ચોથા તબક્કામાં નાહુરથી ઐરોલી ટોલ નાકા સુધી ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને જોડનારા પ્રસ્તાવિત ટુ વે ફ્લાયઓવર તેમ જ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને જીએમએલઆરના જંકશન પર વાહનો માટે વેહીક્યુલર અંડરપાસના કામનો સમાવેશ થાય છે.

રૂા.૬,૩૦૦ કરોડના ગોરેગાંવ મુલુંડ લિંક રોડ (GMLR) પ્રોજેક્ટની ટ્વીન ટનલ ગોરેગાંવ ખાતેના વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેને મુલુંડ ખાતે ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે સાથે જોડશે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ના એક અધિકારીએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટ મુસાફરીનો સમય વર્તમાન ૭૫ મિનિટથી ઘટાડીને ૨૫ મિનિટ પર લાવશે.

કલ્યાણ યાર્ડના પુનઃનિર્માણ વિશે જણાવ્યું હતું કે તે મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશમાં અત્યંત ભીડભાડવાળા નેટવર્ક પર ઉપનગરીય અને લાંબા-અંતરની ટ્રેન ટ્રાફિકને અલગ પાડવામાં મદદ કરશે, બદલામાં સમયની પાબંદી અને કાર્યક્ષમતામાં સુધારો કરશે.

ગતિ શક્તિ મલ્ટિ-મોડલ કાર્ગો ટર્મિનલ પ્રદેશમાં નોકરીની તકો ઊભી કરતી વખતે સિમેન્ટ અને અન્ય કોમોડિટીને હેન્ડલ કરવાની ક્ષમતા વધારશે. કુર્લા લોકમાન્ય તિલક ટર્મિનલ ખાતેના નવા પ્લેટફોર્મ વધુ ટ્રેનોને સમાવવા માટે સક્ષમ હશે, જ્યારે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતે વિસ્તૃત કરાયેલ પ્લેટફોર્મ નંબર ૧૦ અને ૧૧ હવે ૨૪ કોચવાળી ટ્રેનોને ચલાવવામાં મદદ કરશે.

**બંને વિકાસથી રાઈડર્સની સંખ્યામાં વધારો થશે**

મોદીજીએ આ સમયે 'મુખ્યમંત્રી યુવા કાર્ય શિક્ષણ યોજના' પણ લોન્ચ કરી હતી, જેનો ખર્ચ ૫,૬૦૦ કરોડ રૂપિયા છે.

### ગોરેગાંવ-મુલુંડ રોડ પ્રોજેક્ટ હેઠળ ટ્વિન ટનલનું ભૂમિપૂજન (૬,૩૦૦ કરોડ)

**વિશેષતા**

- પ્રોજેક્ટની લંબાઈ ૧૨.૨ કિમી છે.
- પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના સીધા સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન હેઠળ ડબલ ટનલનું નિર્માણ
- સુરક્ષિત વન્યજીવો પણ સુરક્ષિત

**લાભો**

- કાર્બન ઉત્સર્જનમાં દર વર્ષે અંદાજે ૨૩ હજાર મેટ્રિક ટનનો ઘટાડો થશે
- મુસાફરીનો સમય ૭૫ મિનિટથી માંડ ૨૦ મિનિટ સુધી
- ઈંધણ અને મુસાફરીના સમયમાં મોટી બચત



### થાણે-બોરીવલી ટ્વિન ટનલ પ્રોજેક્ટનું ભૂમિપૂજન (૧૬,૬૦૦ કરોડ)

**વિશેષતા**

- ભારતની સૌથી મોટી અને સૌથી લાંબી શહેરી ટનલ
- સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનની જૈવવિવિધતા અબાધિત રાખનારો સબવે
- સિગ્નલ-મુક્ત, નોન-સ્ટોપ મુસાફરી

**લાભો :**

- ૧ કલાકથી વધુ સમયની બચત
- થાણેથી બોરીવલી માત્ર ૧૨ મિનિટમાં
- રોજના ૧ લાખ મુસાફરોને ફાયદો થશે
- દર વર્ષે ૧,૫૦,૦૦૦ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં ઘટાડો

# મેકઅપ આર્ટિસ્ટ અને બિઝનેસ કોચ બીજલ ગડાની બીજી બુક 'એવરીથિંગ અબાઉટ મેકઅપ'નું સ્નેહ દેસાઈ દ્વારા વિમોચન કરાયું

દેશમાં જ નહીં પણ હવે તો આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય બની ગયેલા મુલુંડના બીજલ ગડા મેકઓવર્સના મેકઅપ આર્ટિસ્ટ અને બિઝનેસ કોચ તેમજ લેખિકા બીજલ ગડાએ તાજેતરમાં તેમની ખાસ મેકઅપ આર્ટિસ્ટ માટે લખેલી બીજી બુક 'એવરીથિંગ અબાઉટ મેકઅપ'નું બુધવાર, તા.૧૦ જુલાઈના તેમના બર્થડે ઈવેન્ટમાં લોકાર્પણ કર્યું હતું. મુલુંડમાં પેલેસ બેન્કવેટમાં યોજાયેલા આ ગ્રાન્ડ ઈવેન્ટમાં 'એવરીથિંગ અબાઉટ મેકઅપ' બુકનું વિમોચન આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત લાઈફ કોચ સ્નેહ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં બીજલ ગડાએ મોટી સંખ્યામાં હાજર રહેલાં તેમના સ્ટુડન્ટ્સને પ્રોફેશનલ જ્ઞાન પીરસ્યું હતું. જ્યારે સ્નેહ દેસાઈનો કેરિયર પરનો સેશન સાંભળીને શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા અને તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા.



# રોટ્રેક્ટ ક્લબ ઓફ મુલુંડ હિલ વ્યૂના પ્રેસિડન્ટ તરીકે મિસ આયુષી પિંકી હિતેશ શાહની વરણી થઈ

મુલુંડ, કચ્છ તેરાના શ્રીમતી વિજયા મુલચંદ શાહ (મોતા)ની પૌત્રી મિસ આયુષી પિંકી હિતેશ શાહ થાણા ૨૦૨૪-૨૫ માટે રોટરેક્ટ ક્લબ ઑફ મુલુંડ હિલ વ્યૂના (Dist 3141) પ્રમુખ તરીકે નિમણૂક કરાઈ છે. ક્લબમાં ૧૮-૨૫ વર્ષની વય જૂથના સભ્યો છે. ક્લબ આર્થિક અને સામાજિક કલ્યાણ માટે કામ કરે છે. આયુષી ૨૦૨૩ માં સ્નાતક થઈ, MNC કંપનીમાં UX DESIGNER તરીકે કામ કરી રહી છે. તે વિદેશમાં માસ્ટર્સ ડિગ્રી મેળવવા ઈચ્છે છે. તેણીએ મંડાલા અને રોગાન જેવી ભારતની પ્રાચીન કલામાં યુવાનોને તાલીમ આપી હતી.

તેણીએ પોતાના વક્તવ્યમાં યુવાનોને ક્લબના સભ્ય બનવા વિનંતી કરી હતી. તેણીએ વધુમાં જણાવ્યું હતું કે તે સમાજની સેવા કરવાનું ચાલુ રાખશે અને ભવિષ્યમાં ક્લબને ઉચ્ચ સ્તરે લઈ જશે.




જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.

હેતલ શાહ 98210 59549

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

WADHWA ATMOSPHERE
2 BHK 663 SQ.FT. FRONT FACING POOL SIDE FLAT AVAILABLE IN WADHWA PHASE 1 ATMOSPHERE WITH PARKING
@ 1.88 FLAT COST
(ONLY GENUINE PARTY CAN CALL)
CALL - 9323655055

New Arrival
Bombay Dyeing Cotton Kurti
Best Quality & Print
- XL & 2 XL 250/-
- 3 XL & 5 XL 300/-
- Ladies max Brand Penti XS to XXL 3 for 150/-
- M to 10 XL Kurti, Western Top & Gaun, Crochet 3 top 500/-

Hemangi Dedhia - 9987897979



Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available

श्रीपोलीन पोली तारपोलीन
Manufacture Since 1981
श्री TARPAULINS
100% वॉटर-प्रुफ तालपत्रीयाँ
बारीश आया तैयार हो जाओ !!!
तालपत्रीयाँ की फॅक्टरी



● Black Plastic ● Nylon Ropes ● Agro Shed Net ● PVC Coated Tarpaulins
Shree Tarpaulins Industries
Exclusive Brand Factory Outlet
MULUND 9820230600 / 700 / 800
VASHI - NAVI MUMBAI 9819633397 / 98
GHATKOPAR - ASALFA 9833722191 / 92
GIDC,VAPI - 9426143485 9925138209 / 10
ShreeTarpaulinIndustries shreetarpaulins
www.shreetarpaulins.com ● Email: shreetarpaulins@gmail.com

Dalmia's Marwad
LIFE STYLE EXHIBITION
RAKHI SPECIAL



19 FRIDAY & 20 SATURDAY
July 2024 | Timing: 11am to 8pm
SAMRIDDHI HALL
MULUND
Next: 10 Aug, Bajaj Hall, Malad (W)
VALET PARKING
31 Aug -1 Sep, Tip Top Plaza, Thane (W)



dalmia's_exhibitions | Asha Dalmia: 9820033692 | 9833215943



# મનસે-મુલુંડનો કાલિદાસ કોમ્પલેક્સમાં મોરચો



મહારાષ્ટ્ર નવનિર્માણ સેના-મુલુંડ દ્વારા પી.કે.રોડ સ્થિત પ્રિયદર્શીની ઈન્દિરા ગાંધી ક્રિડા સંકુલ (કાલિદાસ કોમ્પલેક્સ)ના મનમાની અને રેઢિયાળ કારભાર તેમજ સામાન્ય લોકોને પરવડી ન શકે તેટલી ઊંચી વિવિધ ફી તેમજ કાર્યાલયમાં ડો. બાબાસાહેબ આંબેડકર અને મહાત્મા જ્યોતિબા ફૂલેની છબી ઉપર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છબી લગાડવા સંબંધી હરકતો ચલાવી લેવામાં નહીં આવે એવી મનસેના કાર્યકરોએ સત્તાવાળાઓને ગર્ભિત ચેતવણી આપી હતી.

# વરસાદે ૧૦૦૦ મિમી.નો આંકડો વટાવી દીધો, તળાવોમાં ૩૫ ટકાથી વધુ પાણી છતાં પાણીકાપ યથાવત્

મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસું ધમાકેદાર ઈન્નિંગ્સ રમી રહ્યું છે. વરસેલા મૂશળધાર વરસાદે મુંબઈમાં આ સિઝનમાં ૧૦૦૦ મિમી.નો આંકડો વટાવી દીધો છે. જુલાઈ મહિનાનો સરેરાશ વરસાદ ૮૫૫.૭ મિમી. છે જ્યારે હાલમાં ૮૬૧ મિમી. વરસાદ વરસી ગયો છે. સાંતાક્રુઝ વેધર સેન્ટરમાં કુલ ૧૨૦૮ મિમી. વરસાદ અને કોલાબા વેધશાળામાં ૧૧૬૩ મિમી. વરસાદ નોંધાયો છે.

હવામાન ખાતાના અધિકારીઓના જણાવ્યા મુજબ સપ્તાહ દરમ્યાન વરસાદ ચાલુ રહેશે. જોકે ગત સપ્તાહમાં મુલુંડમાં વરસેલા ધોધમાર વરસાદને પગલે રસ્તા પર પાણીભરાવાની ઘટના નોંધાઈ નહોતી જેને પગલે મુલુંડકરોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઝવેર રોડ શ્રી રાધાકૃષ્ણ મંદિર નજીક એક ઝાડ ધરાશાયી થયું હોવાની ઘટના ઘટી હતી. તો શિશુકુંજ, આંબેડકર રોડ પર પણ ઝાડ જમીનદોસ્ત થવાને લીધે રોડ પર ટ્રાફિક અવરોધાયો હતો. આ બંન્ને ઘટનાઓમાં કોઈ જાન-માલ હાનિ થઈ ન હોવાના સમાચાર છે.

દરમિયાન આ ચોમાસાની ઋતુમાં પ્રથમ વખત શહેરને પાણી પૂરૂં પાડતાં સાતેય તળાવોમાં



**આંબેડકર રોડ પર પણ ઝાડ જમીનદોસ્ત**

પાણીનો જથ્થો ૩૫ ટકા વધયો હતો.

તળાવના કેચમેન્ટ એરિયામાં ત્રણ-ચાર દિવસથી સંતોષજનક વરસાદ પડી રહ્યો છે છતાં મુંબઈગરાના માથા પર હાલ પૂરતો ૧૦ ટકા પાણીનો કાપ ચાલુ રહેશે. મુંબઈને પાણી પુરવઠો પુરું પાડતા સાત તળાવ પૈકીના પવઈ, તુલસી અને વિહાર તળાવ છલકાઈ ગયા છે.






# સંગિની ફોરમ મુલુંડનો ધમાકેદાર સપ્તરંગી કાર્યક્રમ






સંગિની ફોરમ મુલુંડનો રંગારંગ કાર્યક્રમ બુધવાર, તા. ૩ જુલાઈ ના પદમાવતી બેન્કવેટમાં આનંદ અને ઉલ્લાસથી છલોછલ રહ્યો હતો. રેઈનબો થીમ પર સંગિનીઓ તેમજ મેમ્બરોથી આખું વાતાવરણ રંગમય રહ્યુ હતું અને પ્રોગ્રામની શોભામાં અભિવૃદ્ધિ કરતું હતું. અવનવી ગેમ્સ, વરસાદી ગીતો પર ડાન્સ, મ્યુઝિકથી ભરપુર આ પ્રોગ્રામમાં નાના-મોટાં દરેક સભ્યએ મજા માણી હતી. સંગિની તરફથી જીતનાર ચાર ગ્રુપને ત્રીસ ત્રીસ મેમ્બર્સને ઈનામો આપવામાં આવ્યા હતા. અને સાથે સાથે હાઉઝી પણ બધાંએ એન્જોય કરી હતી. શ્રીરથ કેટરર્સના સ્વાદિષ્ટ ભોજનની લહેજત માણવાની સૌને મજા પડી ગઇ હતી. સંગિની ફોરમે તેમનાં આગામી આયોજન સમુહ સામાયિક જે ઓગસ્ટ મહિનામાં રહેશે. ચૈત્ય પરિપાટીની તા.૨૬ સપ્ટેમ્બર અગાશી મહાતીર્થની જાહેરાત કરી હતી. જેની સંપુર્ણ વિગત ગ્રુપમાં મુકવામાં આવશે.

હીનાબેન પારેખ, ગીતાબેન શાહ, ડિમ્પલબેન કોરડિયા, સંગીની ટીમ.









# ગટરના પાણીથી ક્યારે થશે છુટકારો?





હું શ્રેયાસ એપાર્ટમેન્ટમાં ભોંયતળિયે રહું છું. છેલ્લા કેટલાક સમયથી ગટરનો પાણી આગળ તરફ જતો નથી. ખાસ કરીને વાસુપૂજ્ય અને શ્રેયાસ બિલ્ડિંગની ગટર જામ છે મ્યુનિસીપાલિટીમાં કમ્પલેટ કરેલ છે એ લોકો આવીને જોઈ ગયા અને એ લોકોનું કહેવું છે કે ગટર મેહુલ ટોકીઝ સુધી જાય છે. એના પછી કોઈપણ કાર્યવાહી કરેલ નથી. સોસાયટીવાળા પણ કોઈ ધ્યાન નથી આપતા. આવા ભરપૂર વરસાદની મોસમમાં મચ્છરો થકી સ્વાઈન ફ્લુ અને ડેંગ્યુ થવાના પુરેપુરી શક્યતા છે તો આ બાબત વિષે ખાસ ધ્યાન દોરીને જરૂરથી કાર્યવાહી કરવા લાગતા વળગતાઓને વિનંતી સચીન છેડા (શ્રેયાંસ હાઉ. સોસાયટી, સર્વોદય નગર, મુલુંડ વેસ્ટ) દ્વારા કરાઈ છે.












# ૨૫ વર્ષથી અવિરત સેવા કરતું મહિલાઓનું નમ્રતા સોશ્યલ ગ્રુપ મુંબઈ-મુલુંડ

૨૫ વર્ષ અગાઉ માત્ર ૭ મહિલા સભ્યોના સંગાથે નમ્રતા સોશ્યલ ગ્રુપની સમાજ સેવાની સફરની શરૂઆત કરનાર સ્થાપક નિર્મળાબેન શાંતિલાલ ડાઘાની સાથે આજે ૬૦ મહિલા બહેનો સભ્ય તરીકે સંગાથી સખી બની છે. ગ્રુપ દર બે માસને અંતરે આદિવાસી વિસ્તારની શાળાઓ, વૃધ્ધાશ્રમ, બાલિકાશ્રમ, મંદબુધ્ધિ સંસ્થા, હૉસ્પિટલ ઈત્યાદિમાં જઈને તેઓને જોઈતી ને ઉપયોગી ચીજ વસ્તુઓ સભ્ય બહેનો જાતે જઈને સ્વ હસ્તે વિતરીત કરે છે અને લાભાર્થીઓના વદનની પ્રસન્નતા જોઈને હર્ષાન્વિત થાય છે અને કંઈક સારૂં કર્યાનો સંતોષ અનુભવે છે.

નમ્રતા સોશ્યલ ગ્રુપના નિર્મળાબેન જાતે મુલાકાત લઈ સેવાકાર્ય અગાઉ જે તે ઓર્ગેનાઈઝેશનની જરૂરિયાત શું છે. કેટલા પ્રમાણમાં જોઈએ છે એ બધી તલસ્પર્શી વિગત મેળવી પછી દરેકે દરેક ચીજ વસ્તુઓ, કરિયાણું, મસાલા કે ઈતર વસ્તુઓ સારી ક્વોલિટીની ઉચ્ચ દરજ્જાની હોલસેલ માર્કેટમાંથી ઓર્ડર આપી, ખરીદી કરીને કીટ બનાવીને વ્યક્તિગત સુપ્રત કરે છે. શાળાપયોગી વસ્તુઓ વિદ્યાર્થીઓને જેમાં કંપાસ, પેન, પેન્સીલ, નોટબુક, દફતર, ઈરેઝર શાર્પનર, ફૂટપટી, ફૂલસ્કેપ પેપર કે શાળાઓના ક્લાસરૂમ કે ઓફિસ, ટીચર રૂમ માટે પંખા, ખુરશી, કબાટ વિગેરે તેઓની જરૂરિયાત જાણીને આપે છે. જેથી તેઓને ખરેખર ઉપયોગી થાય છે.



મુંબઈ પરિસર ઉપરાંત પાલઘર, દહાણુ, નાસિક, પનવેલ, વાપી, વલસાડ, મુરબાડ, દેવલાલી ઈત્યાદીના ગામોના અંતરિયાળ ભાગોમાં સૌ પહેલા જાત મુલાકાત લઈને તેમની જરૂરિયાત જાણીને જોઈતી વસ્તુઓ સોંપે છે.

હમણાં શુક્રવાર તા.૫ જુલાઈના કલવા-થાણાની શિવાજી હૉસ્પિટલમાં નમ્રતા સોશ્યલ ગ્રુપની બહેનોએ નવજાત શિશુને ઉપયોગી થાય એવી વસ્તુઓની કીટ જેમાં ઝબલાં, લંગોટ, ટુવાલ, ગોદડી, ટોપી વિગેરેની ૪૫ કીટ તથા ૧૫ કીટ મ્યુનિસિપાલિટી હૉસ્પિટલ મુલુંડમાં વિતરીત કરી હતી.

તે ઉપરાંત એ જ દિવસે પ્રેમદાન ઐરોલી સેક્ટર ૧૮માં ૧૯૨ જેટલી મંદબુધ્ધિ મહિલાઓને ઈડલી ચટણી, ચાનું વિતરણ કર્યું હતું તથા ઘઉં, સાકર, મેંદો, રવો જેવી રસોડામાં ઉપયોગી સામગ્રી તથા સફાઈ માટે જરૂરી વસ્તુઓ સાબુ, શેમ્પુ, હાર્પિક, સફાઈ માટે સોડા, ફિનાઈલ જેવી સામગ્રી આપી હતી. આ સંસ્થામાં જ બે વર્ષ અગાઉ ૭૫ ખુરશીઓ આપી હતી.

કિટી પાર્ટી, પ્રવાસ, પિકનિક, મનોરંજન, મોજ મજ્જાની મહેફિલ કરતાં બીજા મહિલા ગ્રુપ કરતાં અલગ રીતે માત્રને માત્ર માનવ સેવા પ્રત્યે સમર્પિત નમ્રતા સોશ્યલ ગ્રુપ આમ અન્ય મહિલા ગ્રુપોથી અલાયદુંને આગવું છે. સંપર્ક નિર્મળા શાંતિલાલ ડાઘા-૯૮૧૯૧૯૩૩૯૯

# અંબાણી પરિવારમાં લગ્નઃ વિવિધ દૃષ્ટિકોણ




ભારતના જ નહીં પરંતુ જગતભરના વિવિધ મીડિયામાં હાલ લગ્નની મોસમ ખીલી છે. આમ તો લગ્ન એક જ કુટુંબમાં છે પણ એ એટલો લંબાણથી અને લાર્જર ધેન લાઈફ ભવ્યતાથી ઉજવાઈ રહ્યો છે કે પ્રિન્ટ, ટીવી કે સોશિયલ મીડિયાને નવી સ્ટોરી શોધવાની ચિંતા જ જાણે ટળી ગઈ છે! આ લગ્ન માટે કેટલાય મહિનાઓથી ઉજવાઈ રહેલા વિવિધ પ્રસંગોની ઝીણી ઝીણી વિગતો, દરેક પ્રસંગે બોલીવૂડ, હોલીવૂડ, રાજકારણીઓ અને જગતભરની હાઈ પ્રોફાઈલ વ્યક્તિઓની યાદીના અહોભાવથી બહાર આવીને અંબાણી પરિવારના આ લગ્નને થોડા અલગ દૃષ્ટિકોણોથી જોઈએ.

મુકેશ અંબાણી માટે આ પ્રસંગ અંગત આનંદનો તો હશે જ, પણ સાથે જ આ ચાલાક બિઝનેસમેને બ્રાન્ડ અનંતને પણઆ લગ્નના માધ્યમથી સ્થાપિત કરી દીધી છે. આ લગ્ન પહેલાં અનંત અંબાણીને ઓળખનારા બહુ ઓછા હતા. આજે દેશની ઓછામાં ઓછી બે પેઢી અને વિદેશની અસંખ્ય વીઆઈપી વ્યક્તિઓ અનંતને બરાબર ઓળખતી થઇ ગઈ છે. નજીકના ભવિષ્યમાં એ જો કોઈ નવી કંપની લોન્ચ કરે કે કોઈ મોટો આઈપીઓ લોન્ચ કરે તો એના સપોર્ટમાં એની એક પોતીકી બ્રાંડ અત્યારથી જ તૈયાર થઈ ગઈ છે! મીડિયા મેનેજમેન્ટ દ્વારા આપણને પાકી ખબર પાડી દેવામાં આવી છે કે ગર્ભશ્રીમંત હોવા છતાં અનંત કેટલો સરળ અને લાગણીશીલ છે, પ્રાણીઓ પ્રત્યે કેટલી સંવેદના ધરાવે છે. આમ એક સ્ટ્રોંગ બ્રાન્ડ અનંત ઊભી કરી દેવામાં આવી છે, જે ભવિષ્યમાં અંબાણી પરિવારના બિઝનેસ માટે લાભકર્તા થશે.

બીજો એક દૃષ્ટિકોણ જોતાં પહેલાં એક વાતની સ્પષ્ટતા કરી લઈએ કે અંબાણી પરિવાર આ બધું કરે એમાં કશું જ ખોટું નથી. એમના આર્થિક-સામાજિક મોભા મુજબ તેઓ આ લગ્ન પ્રસંગ ઉજવી રહ્યા છે એમાં કાયદાનો કોઈ ભંગ થતો નથી. પરંતુ તકલીફ તો ત્યારે થાય છે કે જ્યારે સમાજમાં એક ખોટો ટ્રેન્ડ બેસી જાય છે. ધારો કે અંબાણીએ આ લગ્ન પાછળ ૨૦૦૦ કરોડ ખર્ચી નાખ્યા તો એ રકમ એમની એક વર્ષની કમાણીનો નાનકડો હિસ્સો માત્ર હશે, જ્યારે મધ્યમવર્ગી ય માણસ સાદાઈથી લગ્ન પ્રસંગ ઉજવે તો ય પરિવારની કમાણીની સરખામણીમાં બહુ મોટી રકમ ખર્ચાઈ જતી હોય છે. બીજી તકલીફ એ છે કે આ બધી ઝાકમઝોળ અને ભવ્યતા જોઈને સામાન્ય મધ્યમવર્ગી ય કુટુંબના સંતાનો પણ એવું માનતા થઈ જાય છે કે, ગમે તે થાય, પણ લગ્ન જો જીવનમાં એક જ વાર કરવાના હોય તો આ રીતે બધા જલસા કરી જ લેવા જોઈએ. અત્યારે મધ્યમવર્ગની પરિસ્થિતિ એવી છે કે ન ચાહવા છતાં ય પગ ચાદરની બહાર નીકળી જ જાય! આજથી બે દાયકા પહેલાં લગ્ન જેવા પ્રસંગો પરિવારની આર્થિક ક્ષમતા મુજબ ઉજવાતા. હવે દેખાદેખીમાં ખાસ્સો ખર્ચ થઇ જાય છે. પ્રી-વેડિંગથી લઈને ડેસ્ટીનેશન વેડિંગ સુધીની એવી અનેક ઝાકમઝોળ ઘર કરી ગઈ છે કે ન પોસાતું હોય એવા પરિવારો કરજ કરીને પણ આવા લગ્નોની દેખાદેખીમાં ધામધૂમથી લગ્ન કરે છે. અમુક કિસ્સામાં તો બિચારા મધ્યમવર્ગીય મા-બાપ માત્ર સંતાનોનું મન રાખવા ગજા બહારનો ખર્ચ કરે છે. નવી પેઢીને સ્માર્ટ, ફોકસ્ડ, પ્રેક્ટિકલ કે ટેકનોસેવી ગણીને મોઢે ચડાવતા રહેવાની ઘણાને ટેવ હોય છે, પણ આ બધું તો સિક્કાની એક જ બાજુ છે. આ જ નવી પેઢીનો એક મોટો વર્ગ સખત પરિશ્રમ, કરકસર અને બચતના સદગુણોને વિસારે પાડી ચૂક્યો છે અને એ જ પેઢી અંબાણી પરિવારમાં અતિ ધામધૂમથી ઉજવાયેલા આ લગ્ન પ્રસંગમાંથી પ્રેરણા લે છે.

# સાંસદ સંજય પાટીલ મુલુંડમાં ધારાવીના લોકોના પુનવર્સનના વિરોધ માટે મુખ્યમંત્રી સાથે મિટીંગ કરશે

મુલુંડમાં ધારાવીના લોકોના પુનર્વસનનો વિરોધ કરનારા મુલુંડવાસીઓએ નોર્થ-ઈસ્ટ મુંબઈના સ્થાનિક સંસદસભ્ય સંજય પાટીલનો સંપર્ક કર્યો હતો અને તેમણે પણ આ રીતના પુનર્વસનનો વિરોધ કર્યો છે અને તેઓ આ મુદ્દે હવે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળવાના છે. બીજી તરફ ધારાવીના લોકોની પણ મુલુંડ આવવાની કોઈ ઇચ્છા નથી એટલે મુલુંડ અને ધારાવીના લોકો આ મુદ્દે એક થયા છે.

ધારાવીના લોકોનું મુલુંડમાં પુનર્વસન કરવાના વિરોધમાં લડત ચલાવી રહેલા એડ્વોકેટ સાગર દેવરેએ કહ્યું હતું કે 'થોડા દિવસો પહેલાં અમે સંજય પાટીલને મળ્યા હતા. એ પછી મને તેમની ઑફિસમાંથી ફોન આવ્યો હતો કે તેઓ અમારી સાથે આ મુદ્દે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળશે. અમે સેવ ધારાવી મૂવમેન્ટના નેતાઓ સાથે સંપર્ક કર્યો છે. તેઓ પણ મુલુંડમાં પુનર્વસનનો વિરોધ કરી રહ્યા છે. આથી અમે સાથે કામ કરવાનું નક્કી કર્યું છે.'

નોર્થ-ઈસ્ટ મુંબઈના સંસદસભ્ય સંજય પાટીલે કન્ફર્મ કરતાં કહ્યું હતું કે 'મને મુલુંડના રહેવાસીઓ મળ્યા હતા. હું મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળવા માગું છું, પણ હાલમાં ચોમાસું સત્રને કારણે તેઓ બિઝી છે. તેમની અપોઇન્ટમેન્ટ મળવી મુશ્કેલ છે. હું સરકારી અધિકારીઓને મળીને આ પ્રોજેક્ટનું સ્ટેટસ જાણવાનો પ્રયાસ કરીશ.'

ધારાવી રીડેવલપમેન્ટ ઑથોરિટી ધારાવીમાં પુનર્વસન માટે અયોગ્ય રહેવાસીઓને ધારાવીના બદલે મુલુંડમાં વસાવવાની યોજના ધરાવે છે. રાજ્ય સરકારે આ માટે સુધરાઈ પાસે જૂના ઑક્ટ્રોય નાકાની ૧૮ એકર અને ડમ્પિંગ ગ્રાઉન્ડની ૪૬ એકર જમીનની માગણી કરી છે. સુધરાઈ ઑક્ટ્રોય નાકાની પાંચ એકર સહિત ૧૫ એકર જમીન ફાળવવા તૈયાર છે.

## જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડ દ્વારા સુપર ડુપર નાટક 'મા'

જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા આયોજીત સુપર-ડુપર 'મા'ની મમતા પ્રસ્તુત કરતું નાટક 'મા' ગુરૂવાર તા.૧૮ જુલાઈના રાત્રીના ૯ કલાકે કાલિદાસ નાટ્યમંદિરમાં રાખેલ છે આઈ કાર્ડ સાથે લઈને આવવા વિનંતી.




આજ માસમાં બીજો પ્રોગ્રામ સોમવાર તા.૨૨ જુલાઈના રોજ રાતે ૯ કલાકે 'દાસ્તાનગોઈ' ગુજરાતી કાર્યક્રમ કાલિદાસ નાટ્યમંદિર ખાતે રાખેલ છે. ઉપરના બંન્ને પ્રોગ્રામમાં સમયસર જરૂર પધારવા વિનંતી.

નવા સભ્યો બનવા માટે ડીસ્કાઉટ સાથે ગ્રુપમાં આમંત્રણ છે. આવા સુપર ડુપર પ્રોગ્રામનો લાભ લેશોજી. પ્રમુખ જયંતીભાઈ મૈશેરી - ૯૮૧૯૭૪૮૨૫૦, મંત્રી દિલીપભાઈ શેઠ - ૯૮૨૦૬૯૬૮૪૮, ડિમ્પલબેન કોરડિયા.

મા અને દિકરાના સબંધોને જાળવી રાખતું નાટક 'મા'.

ગ્રુપનો આગામી શાનદાર નાટક 'એકલવ્ય' બુધવાર તા.૨૮ ઓગસ્ટના કાલિદાસ ખાતે રાખેલ છે. જેની તારીખ નોંધી રાખશોજી.

## આર્ટ ઓફ લિવિંગનો આગામી કાર્યક્રમ

શ્રી શ્રી રવિશંકરજી રચિત આર્ટ ઓફ લિવિંગનો આગામી કાર્યક્રમ આર્ટ ઓફ લિવિંગ 'હેપ્પીનેસ પ્રોગ્રામ' મંગળવાર, તા.૨૩ જુલાઈ થી રવિવાર, તા.૨૮ જુલાઈ સુધી સવારે ૬ થી ૮.૩૦ અને સાંજે ૭ થી ૯.૩૦ કલાકે મુલુંડ ટોક, આશા નગરની પાસે, મુલુંડ વેસ્ટમાં આયોજિત કરાયો છે. સંપર્ક : ૮૦૮૨૧૩૫૧૩૫

## 'સૂર મંજુલા'ના કલ્પેશભાઈ સંગાથે ઈમ્પલ્સ ક્લિનિકે મુલુંડની માનુનીઓને રમાડી મ્યુઝિકલ હાઉઝી

તા.૧૯ જુલાઈ શનિવારના વરસાદી વાતાવરણમાં વિકાસ સેન્ટરના આર્યનિવાસ ટ્રસ્ટ હોલના ટ્રસ્ટી સંદીપભાઈ પોપટના સહયોગથી તેમજ 'સૂર મંજુલા'ના કલ્પેશભાઈ તથા ક્રિષ્ણના સંગાથે ઈમ્પલ્સ ક્લિનિકના ભાવનાબેને મુલુંડની સંગીતપ્રેમી માનુનીઓ માટે મ્યુઝિકલ હાઉઝીનું આયોજન કરેલ હતું. કાર્યક્રમના આયોજનમાં રાષ્ટ્રીય તેમજ રાજ્ય પુરસ્કૃત શિક્ષિકા શ્રીમતી ભાવનાબેન શેઠનો સહકાર પ્રાપ્ત થયો હતો. ઈમ્પલ્સ તરફથી વિજેતા માનુનીઓને સરસ ઈનામો અપાયા હતા. તેમજ અલ્પાહાર અને ઠંડાપીણાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. મુલુંડની માનુનીઓ સુંદર વરસાદી માહોલમાં મન ભરીને ગીત સંગીત સાથે નૃત્યનો આનંદ પણ માણ્યો હતો.



# ક્યુઆર કોડ વગરના પ્રોજક્ટસની જાહેરાત વિરુદ્ધ રેરાનું સખત વલણ

મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી ક્યૂઆર કોડ વિનાના પ્રોજેક્ટ્સની જાહેરાત કરનારાઓ વધુ તીવ્ર બનાવી છે. સામે કાર્યવાહી નિયમોનું ઉલ્લંઘન કરનાર મહારેરાએ લગભગ ૯૦ લાખ ૬૨૮ પ્રોજેક્ટ્સ પર રૂપિયાનો દંડ ફટકાર્યો છે અને ૯૦ લાખમાંથી ૭૦ લાખ ૩૫ હજાર રૂપિયાની વસૂલાત પણ કરી લીધી છે. બિલ્ડરોએ ઘરોની વેચાણ માટે પ્રોજેક્ટની જાહેરાત કરવાની રીત બદલી છે. અખબારોની સાથે, તેઓ હવે સોશિયલ મીડિયા દ્વારા પ્રોજેક્ટની જાહેરાત કરી રહ્યા છે. બિલ્ડરોના આધુનિકીકરણ પછી રેરાએ પણ નિયમ તોડનારાઓ સામે કાર્યવાહી કરવા માટે ટેકનોલોજીની મદદ લેવાનું શરૂ કર્યું. ક્યૂઆર કોડ વિનાની જાહેરાત વિશે જાણવા માટે રેરા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નિષ્ણાતોની મદદ લઈ રહ્યું છે.

રેરા અનુસાર, મુંબઈ, થાણે સહિત નજીકના વિસ્તારોમાં ક્યુઆર કોડ વિના જાહેરાતના સૌથી વધુ ૩૧૨ કેસ નોંધાયા છે. ૩૧૨ પ્રોજેક્ટ પર ૫૪.૨૩ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે, જેમાંથી ૪૧.૫૦ લાખ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે. રેરાના ચેરમેન અજોય મહેતાના જણાવ્યા અનુસાર, પ્રોજેક્ટ રેરામાં નોંધાયેલ છે, એટલે કે પ્રોજેક્ટ સારો હશે. એવો લોકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવું ખૂબ જ જરૂરી છે.



ચાલો જન્માષ્ટમી ઉજવીએ....
ગુર્જરમાત પ્રસ્તુત
શ્રી કૃષ્ણ લીલા
(દ્વિતીય વર્ષ)
હિના ઠક્કર અને સાથી કલાકારો સંગે
ગીત, સંગીત અને નૃત્યના સથવારે
સ્પોન્સરશીપ
તેમજ જાહેરાતો
આવકાર્ય
મંડળો
તેમજ સંસ્થાઓને
પ્રથમ પસંદગી
સોમવાર, તા.૨૬ ઓગસ્ટ, રાત્રે ૯.૦૦ કલાકે
કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડ (વેસ્ટ).
સંપર્ક : 9322257731 • 9769305488

# સસ્તામાં સોનું લેવાની લાલચમાં મુલુંડના જવેલર્સએ રૂા.૧૩ લાખ ગુમાવ્યા, સાત આરોપીઓની ધરપકડ



મુલુંડના જાણીતા જ્વેલરને સસ્તામાં સોનાનાં બિસ્કિટ વેચવાની લાલચ આપીને ૨૫ જૂને નવી મુંબઈના ખારઘરમાં બોલાવીને તેની મારઝૂડ કર્યા પછી ૧૩ લાખ રૂપિયા લઈને નાસી જનારા સાત આરોપીઓની નવી મુંબઈની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આ કેસમાં આરોપીઓની ચોંકાવનારી કાર્યપદ્ધતિ બહાર આવી છે. તેઓ પોલીસ જેવી અર્ટિગા કાર વાપરી, પોલીસ જેવાં જ કપડાં પહેરી, ડંડો હાથમાં રાખીને પહેલાં તેમના ટાર્ગેટની મારઝૂડ કરતા અને ત્યાર બાદ તેની પાસે રહેલા પૈસા લઈને નાસી જતા હતા. આરોપીઓ સામે મુંબઈ ઉપરાંત થાણે, વસઈ-વિરાર અને ગુજરાતમાં આવા કેસ નોંધાયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

મુલુંડ-વેસ્ટમાં એમ.જી.રોડ પર જ્વેલરી-શોપ ધરાવતા ૫૦ વર્ષના વેપારી રવિન્દ્ર ચૌધરીને આરોપીઓએ સસ્તામાં સોનાનાં બિસ્કિટ વેચવાનાં હોવાનું કહીને એ ખરીદવા ૨૫ જૂને બપોરે ખારઘરમાં આવવા માટે કહ્યું હતું એમ જણાવતાં નવી મુંબઈ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ એકના સિનિયર ઇન્સ્પેક્ટર સુનીલ શિંદેએ જણાવ્યું હતું કે 'સોનાના એક બિસ્કિટ પાછળ આશરે ૧૦થી ૧૨ હજાર રૂપિયાનો ફાયદો થતો હોવાથી વેપારી તેના એક નોકર સાથે ૧૩ લાખ રૂપિયાની રોકડ લઈને મુલુંડથી ખારઘર કોપર ગામમાં સોનું લેવા પહોંચ્યા હતા. તેઓ સોનું વેચવા આવનારી વ્યક્તિની રાહ જોઈ રહ્યા હતા ત્યારે પોલીસના વાહન જેવી દેખાતી સફેદ કલરની અર્ટિગા કાર ત્યાં આવી હતી. એમાંથી ત્રણ શખ્સે પોતાની ઓળખ પોલીસ તરીકે આપીને હાથમાં રહઅર્ટિગા કાર ત્યાં આવી હતી. એમાંથી ત્રણ શખ્સે પોતાની ઓળખ પોલીસ તરીકે આપીને હાથમાં રહેલા ડંડાથી વેપારી અને તેના નોકરની મારઝૂડ કરી હતી અને વેપારીને ધમકાવી ૧૩ લાખ રૂપિયાની રોકડ લઈને ત્યાંથી પલાયન થઈ ગયા હતા. આ ઘટનામાં વેપારી ખૂબ જ ગભરાઈ ગયા હતા. જોકે હિંમત દેખાડીને તેમણે ખારઘર પોલીસ-સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.'

## પાલતુ અને રઝળતા શ્વાનોની ફરિયાદ કે અન્ય બાબતો ઓનલાઈન નોંધાવી શકાશે

મુંબઈમાં રખડતા શ્વાન અથવા પાળેલા પ્રાણીઓના રસીકરણ તથા વંધીકરણ કરવા સહિત પ્રાણીઓ સંદર્ભની કોઈ પણ ફરિયાદ નોંધવાનું નાગરિકો માટે હવે સરળ થઈ રહેશે. મુંબઈ મહાનગરપાલિકાએ લોન્ચ કરેલી માયબીએમસી (MyBMC) મોબાઈલ એપ્લિકેશન અથવા વેબસાઈટ પર આપેલી લિંક પર જઈને નાગરિકો તમામ સુવિધાનો લાભ લઈ શકશે. જેમાં પ્રાણી કલ્યાણ સંબંધિત વિવિધ ઉપાય યોજનાની માહિતી, પ્રાણીઓ માટે કામ કરનારી જુદી જુદી સરકારી અને બિનસરકારી સંસ્થાની માહિતી પણ ઓનલાઈન મળી શકશે. એ સિવાય પાલિકાના ડિઝાસ્ટર કંટ્રોલના ૧૯૧૬ નંબર પર પણ તમામ પ્રકારની મદદ માગી શકાય છે.

વેટરનરી હેલ્થ ડિપાર્ટમેન્ટના જનરલ મેનેજર ડો. કલિમપાશા પઠાણના જણાવ્યા મુજબ પાલિકાએ ઉપલબ્ધ કરી આપેલી ઓનલાઈન સુવિધામાં પ્રાણીઓ સંદર્ભમાં પાલિકા તરફથી સુવિધાની માહિતી, પ્રાણીઓ માટે કામ કરતા સરકારી વિભાગ અથવા સંસ્થાની માહિતી પણ નાગરિકોને મળી રહેશે. રખડતા અથવા પાળેલા શ્વાનના રસીકરણ અથવા વંધીકરણ કરવા તેમ જ તેના લગતી કોઈ પણ ફરિયાદ હોય તો નાગરિકો મોબાઈલ (MyBMC) એપ્લિકેશન પર જઈને નોંધાવી શકે છે. www.mcgm.gov.in આ વેબસાઈટ પર https://vhd.mcgm.gov.in/register- grievance લિંક પર જઈને ફરિયાદ પણ નોંધાવી શકે છે. લિંક પર ક્લીક કર્યા બાદ ફરિયાદ અથવા વિનંતી એમ કોઈ એક વિકલ્પને પસંદ કરીને તેની માહિતી ભરવાની રહેશે. માહિતી નોંધાવ્યા બાદ સંબંધિત વિનંતી અથવા ફરિયાદ માટે એક સ્પેશિયલ નંબર તૈયાર થશે અને તે નાગરિકોને સીધો તેમના મોબાઈલ નંબર પર ઉપલબ્ધ થશે. આ નંબરને આધારે નાગરિકો ફરિયાદ અથવા વિનંતીની કાર્યવાહી બાબતનો અહેવાલ મેળવી શકશે.

## આધ્યાત્મિક સશક્તિકરણ દ્વારા સ્વસ્થ સ્વચ્છ સમાજ

ચાલો બનાવીએ સ્વસ્થ સ્વચ્છ સમાજ,
પરિસ્થિતિઓને આપદાઓનો સંભળાઈ રહ્યો અવાજ,
બનવું છે પ્રત્યેક માનવને ઊંચ તો સજી રહ્યો. ગુણોના સાજ
એક તરફ છે પ્રકૃતિનો ૫ તત્વોનો મચી રહ્યો હાહાકાર,
પૃથ્વી પર અશાંત બન્યા નરનારી બેશુમાર.
રોગ શોકના વિઘ્નો વધ્યા સહનશક્તિની બાર.
લોકો વિચારે મનની મનમાં કેવી રીતે મનાવીએ રક્ષાબંધન તહેવાર.
ભાઈ બહેનના પ્રેમનો એમાં ભરયો અલૌકિક પ્યાર
અન્યાય અત્યાચાર જોઈ જોઈને વિચારે વારંવાર
સત્તા અને સંપત્તિ માટે કરે વિભિન્ન આવિષ્કાર,
પરંતુ શ્રેષ્ઠ સંસ્કૃતિનો કરી રહ્યા બહિષ્કાર.
સ્વસ્થ અને સ્વચ્છ સમાજ માટે જે કરે પરોપકાર,
મતભેદ છોડી મન ભેદ છોડી પહેરો શ્રેષ્ઠ ગુણોનો હાર.
અપમાન અને અહંકાર છોડી બનાવો સુખમય સંસાર.
તન, મન ને સ્વસ્થ રાખો તો મળે સુખના ભંડાર
દ્રઢ સંકલ્પ કરી વિચરો જગતમાં તો છૂટે પાંચ વિકાર.
ઈશ્વરીય શક્તિને ધારણ કરો, તો બેડો થાય પાર,
મન, વચન, કર્મને આપવો સત્વિક આહાર
એક પિતાના બાળકો આપણે ચાલો કરીએ સર્વનો ઉદ્ધાર.

– ગોદાવરી દીદી

## નાના પાલતુ મૃત પ્રાણીઓના અંતિમ સંસ્કાર માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે

મુંબઈ મહાનગરપાલિકા તરફથી મલાડમાં સ્મશાનભૂમિમાં નાના આકારના પાળેલા મૃત પ્રાણીઓના અંતિમસંસ્કાર માટેની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. નાગરિકો તેમની પાસે ૫૦ કિલો કરતા ઓછા વજનના મૃત પ્રાણીઓનું આ સ્મશાનભૂમિમાં દહન કરી શકે છે તે માટે ઓનલાઈન પદ્ધતિએ સમયનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. https:// vhd.mcgm.gov.in/ incineration-booking લિંક પર પણ આ સુવિધા ઉપલબ્ધ છે. લિંક પર ક્લીક કર્યા બાદ નાગરિકોને મૃત પ્રાણી સંદર્ભની માહિતી ભરવાની રહેશે. તેમ જ રજિસ્ટ્રેશનની પ્રક્રિયા બાદ બે દિવસની અંદર 'આજે અથવા કાલે' એમ ચોક્કસ કયા સમયે પ્રાણીનું દહન કરવું છે તેનો સમય નક્કી કરવાનો રહેશે. રજિસ્ટ્રેશન તેમ જ સમય સંદર્ભની માહિતી નાગરિકોને તેમના રજિસ્ટર્જડ મોબાઈલ પર ઉપલબ્ધ થશે ત્યારબાદ આપેલી મુદતમાં મલાડના સ્મશાનભૂમિમાં પ્રાણીઓની અંતિમ વિધિ કરી શકાશે.

# સિસ્ટમ અપડેશન થઈ રહી હોવાથી જન્મ મરણના પ્રમાણ પત્ર મેળવવા માટે લોકોને થતી પરેશાની

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતા બર્થ સર્ટિફિકેટ (જન્મનો દાખલો) અને ડેથ સર્ટિફિકેટ (મૃત્યુ પ્રમાણપત્ર) છેલ્લા બે અઠવાડિયાથી નાગરિકોને નથી મળી શક્યા. અત્યારની સિસ્ટમ અપડેટ થઈ રહી હોવાથી - સુધારા વધારા કરવામાં આવી રહ્યા હોવાથી બર્થ સર્ટિફિકેટ અને ડેથ સર્ટિફિકેટ તાત્કાલિક ધોરણે નહીં મળી શકે એવી સ્પષ્ટતા પાલિકા પ્રશાસન દ્વારા કરવામાં આવી છે. પરિણામે પાલિકાના નાગરિક સુવિધા કેન્દ્રમાં જનતાને નિરાશ થવું પડી રહ્યું છે.

કેટલાક વર્ષ પહેલા જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર મેળવવા નાગરિકોએ અનેક દિવસો સુધી પાલિકાના વિભાગ કાર્યાલયમાં આંટાફેરા કરવા પડતા હતા. સર્ટિફિકેટમાં રહેલી ભૂલ સુધારવા નાગરિકોએ સંબંધિત અધિકારી અને કર્મચારીઓને વિનવણી કરવી પડતી હતી. કેટલાક વર્ષ પહેલા પાલિકાએ આ સર્ટિફિકેટો કમ્પ્યુટરની મદદથી ઉપલબ્ધ કરવાની શરૂઆત કરી હતી. પરિણામે નાગરિકોને રાહત થઈ હતી. જોકે, છેલ્લા બે અઠવાડિયા દરમિયાન અનેક લોકોએ જન્મ દાખલો અને મૃત્યુ પ્રમાણપત્ર મેળવવા વિવિધ નાગરી સુવિધા કેન્દ્રોમાં અરજી કરી છે, પણ તેમને આ બંને પ્રમાણપત્ર નથી મળી શક્યા. એ માટે નાગરી સુવિધા કેન્દ્રોને લોગ ઈન આપવામાં આવ્યા છે, પણ પ્રમાણપત્ર આપવાની સિસ્ટમ અપડેટ થઈ રહી હોવાથી જનતાને રાહ જોવી પડી રહી છે.

## શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા એસ.એમ.પી.આર. શાળામાં નોટબુક વિતરણ કરાયું




શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા લોંગ નોટબુક વિતરણ કાર્યક્રમ એસ.એમ.પી.આર. શાળાના વિદ્યાર્થીઓ માટે શાળામાં જ બુધવાર, તા.૧૦ જુલાઈના રોજ યોજવામાં આવ્યો હતો. અભિવાદન વિધિ બાદ નોટબુક વિતરણ દાતા હીરાલાલભાઈ મૃગ અને પેનના દાતા કિશોર સર, પ્રમુખ શરદભાઈ પટેલ, નોટબુક વિતરણ કન્વીનર ઉપપ્રમુખ રમેશભાઈ કોટક, શાળાના આચાર્યા સંગીતાબેન પટેલે પ્રસંગિક વકતવ્ય આપ્યા હતા. મંચસ્થ ઉપપ્રમુખ રાકેશ જોશી, મંત્રીઓ અલ્પેશ દેઢિયા, સંજીવ જોશી, ખજાનચી કલ્પનાબેન ખંધેડિયા, કારોબારી સભ્યો એડ. હર્ષદભાઈ દેસાઈ, ભગવાનજીભાઈ હરિયા, ભારતીબેન પરમાણી, નિર્મલાબેન છેડા, શિક્ષિકા બહેનોના હસ્તે આ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મહામંત્રી લાલજી સરે કર્યું હતું.


MANAV STUDIO BY KANTI GALA

MANAV ENTERTAINMENTS
R.R.T. Road, Mulund (West), Mumbai - 400 080.

સ્નેહીજનો,
માનવ એન્ટરટેઈનમેન્ટ આપની સમક્ષ ૨૦૨૪ - ૨૦૨૫ માં નવા વિચારો સાથે એન્ટરટેઈનમેન્ટ પ્રોગ્રામો આપ સહુની સમક્ષ લઈને આવી રહ્યા છીએ. આપ સર્વનો સહકાર અને સાથ અમને મળશે એવી અમારી આશા છે.

જુલાઈ - ૨૦૨૪ થી શરૂ થતા નવા વર્ષમાં માનવ એન્ટરટેઈનમન્ટ પોતાના કાર્યક્રમો રજુ કરશે, જે નીચે પ્રમાણે રહેશે, કુલ વર્ષના ૧૫ પ્રોગ્રામ આપવામાં આવશે



KALIDAS AUDITORIUM,
MULUND (WEST)
JULY 2024 to JUNE 2025



વર્ષ ૨૦૨૪ - ૨૦૨૫ માટે
લવાજમ દર કપલ દીઠ

| ROW | RATE |
|---|---|
| A, B, | 18000/- |
| C to G | 15000/- |
| H to K | 12000/- |
| L to O | 9000/- |

HEAVY DISCOUNT ON SIDE SEATS & BALCONY

વર્ષના ૧૫ પ્રોગ્રામ
નવા નાટકો, નવા મુવી, મ્યુઝીકલ નાઈટ, ધૂળેટી ૩૧ ડીસેમ્બર નાઈટ, જેવા વિવિધસભર કાર્યક્રમો
ટ્રાન્સફરેબલ

ALL PROGRAMS ON MONDAY TO SUNDAY, 9.00 P.M. SHOWS

FIX SEAT PROXY ALLOWED

મેમ્બરશીપ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે, તો વહેલામાં વહેલી તકે તમારી અને તમારા મિત્રો અને સગાવહાલાની મેમ્બરશીપ નોંધાવી લેશો, જેથી કરીને તમારી પસંદગીની સીટ મળી શકે.

ગ્રુપ બુકીંગ આવકાર્ય

જે પ્રોગ્રામમાં તમારી અનુકુળતા ના હોય તો બે દિવસ પહેલા જાણ કરવાથી એના બદલામાં બીજા પ્રોગ્રામમાં તમને એડજસ્ટ કરી આપવામાં આવશે.

KANTI GALA (MANAV)
93222 59510


## ગોલ્ડન એજ ગ્રુપનો ૧૩મો પ્રોગ્રામ યોજાયો





ગોલ્ડન એજ ગ્રુપનો ૧૩ મો પ્રોગ્રામ તા ૧૧ જુલાઈ સાંજે ૪ થી ૬ દરમ્યાન વિકાસ સેન્ટર આર્ય નિવાસ હોલમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ૮૦ મેમ્બરો ઉપસ્થિત રહ્યાં હતા. ગ્રુપના આધાર સ્તંભ હેમંતભાઈ ગોસર વસમી વિદાય લીધી એમને શ્રધ્ધાંજલી અર્પણ કરવા માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું કેટલાક મેમ્બરો એ શબ્દો થી તો કેટલાક મેમ્બરો એ ભાવભર્યા ભજનો ગાઈને એમને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

આજની મિટિંગમાં હેમંત-ભાઈના દિકરી ચાંદનીબેન, કલ્પેશભાઇ તથા કૃષ્ણાબેને પણ હાજરી આપી હતી. સર્વે મેમ્બરો એ એમના સત્કાર્યો ને યાદ કરી ને ભાવભરી અંજલિ અર્પણ કરી હતી. આજના નાસ્તા તેમ જ કોલ્ડ ડ્રીંકના સહયોગી પ્રવીણભાઇ વસા, વીણાબેન પટેલ, સંગિતાબેન દૈયા, પ્રિતિબેન સંઘવી, પન્નાબેન પારેખ તેમજ હિનાબેન પંચમિયા રહ્યા હતાં. પ્રોગ્રામ માટે આર્ય નિવાસ ટ્રસ્ટ હોલ માટે ટ્રસ્ટી સંદિપભાઇ પોપટ તેમ જ ટેબલ અને ખુરશીઓ માટે અંકિતા કોર્પોરેશનના જીગર (જય) જીતુભાઈ રાયકુંડલીયાનો સહકાર મળ્યો હતો.



## શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા ચેતનભાઈ દેઢિયાને શુભેચ્છા



મુલુંડના ગૌરવ શ્રી ચેતનભાઈ દેઢિયાની રાજયમંત્રીના દરજજાએ મહારાષ્ટ્ર સ્ટેટ માઈનોરિટી કમિશનના વાઈસ ચેરપર્સન પદે નિયુક્તિ થતાં શ્રી મુલુંડ ગુજરાતી સમાજના પદાધિકારીઓ પ્રમુખ શરદભાઈ પટેલ, ઉપપ્રમુખ રમેશભાઈ કોટક, મહામંત્રી લાલજી સર, મંત્રી અલ્પેશ દેઢિયા પુષ્પ ગુચ્છ સાથે, કારોબારી સભ્યો, એડ. હર્ષદભાઈ દેસાઈ, ભગવાનજીભાઈ હરિયા, કિશોર સર દ્વારા એમને અભિનંદન આપવા બુધવાર, તા ૧૦ જુલાઈના રોજ એમના કાર્યાલયમાં શુભેચ્છા મુલાકાત લીધી હતી. અને એમના કાર્યાનુભવનો લાભ શ્રી મુલુંડ ગુજરાતી સમાજને મળતો રહે એવી અપેક્ષા વ્યકત કરી હતી. જેની તેમણે સહર્ષ તૈયારી બતાવી હતી.

# શ્રી મોમાઈ માઁ ધામ મંદિર, મુલુંડનો દ્વારોદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો

મુલુંડ (વેસ્ટ) સ્થિત કુળદેવી શ્રી મોમાઈ માઁ ધામનું મુખ્ય દ્વાર જે ઉમિયા ભુવનના રિડેવલપમેન્ટના કારણે છેલ્લાં ૧૦ વર્ષથી બંધ હતું તે શ્રી મોમાઈ માઁની અસીમ કૃપાથી આષાઢ માસ અષ્ટમીના શુભ દિને રવિવાર, તા.૧૪ જુલાઈ ૨૦૨૪ના શ્રી ભરતભાઈ અનમના સહયોગથી મુખ્ય દ્વાર ખોલવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ દિવસે મંદિર ખાતે શ્રી હોમ હવન યજ્ઞ, શ્રીફળ હોમ, માતાજીની આરતી તેમજ દડિયા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મોમાઈ માઁના ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં પધારી દર્શન-પૂજા અને દડિયા પ્રસાદનો લાભ લીધો હતો.




દ્વારોદ્‌ઘાટનના આ શુભ કાર્યક્રમ માટે ભરતભાઈ અનમ, ભરતભાઈ જેરામ ઠક્કર, રાજેશભાઈ જમનાદાસ અનમ, ભદ્રેશભાઈ કતીરા તેમજ જય ભરતભાઈ અનમનો સારો સહયોગ મળ્યો હતો એવી માહિતી સંજયભાઈ રાચ્છ અને નિલેશભાઈ ચોથાણીએ આપી હતી.





# BEST દ્વારા મુલુંડ ચેકનાકાથી બોરીવલીની AC બસ સર્વિસનો આરંભ

મુલુંડ ચેકનાકાથી શરૂ થઈને એલ. બી.એસ.માર્ગ ભાંડુપ, પવઈ થઈને બોરીવલી પ્રબોધનકાર ઠાકરે નગર સુધીની નોર્મલ બસ 461 ને બદલે હવે એસી બસ A-461 નંબરની બેસ્ટ વિભાગ દ્વારા શરૂ કરાઈ છે. આ બસ ગ્રીન એનર્જી સપોર્ટ ધરાવતી પર્યાવરણ ફ્રેન્ડલી ઈ બસ છે. દર કલાકે ઉપડતી આ સુવિધાનો લાભ બહુ સંખ્ય મુલુંડકરો લઈ રહ્યાં છે.







DISCOUNTED HEALTH CHECKUP

BLOOD TEST PACKAGE AT Rs.1990/- only

Mulund (East)

TEST
- CBC
- T3, T4, TSH
- VIT. B12
- VIT. D3
- HbA1c
- LIPID PROFILE
- Fasting Bl. Sugar
- S. Creatinine
- S.G.P.T.

Mulund (East)

INDIVIDUAL DISCOUNTED RATE

| Test | Rate | Discount Rate | Test | Rate | Discount Rate |
|---|---|---|---|---|---|
| CBC | ~~Rs.300~~ | Rs.170 | VIT. D3 | ~~Rs.1650~~ | Rs.790 |
| T3, T4, TSH | ~~Rs.550~~ | Rs.390 | HbA1c | ~~Rs.590~~ | Rs.390 |
| VIT. B12 | ~~Rs.1150~~ | Rs.690 | BL.SUGAR | ~~Rs.70~~ | Rs.50 |

SINCE 1963

NEAR RLY. STATION @Dr.JAYANT MANDOT Pathology Lab

Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T. Road, Mulund (East)

Home Visit Available in Mulund

Note : Special Discount on other Blood Test Also

✆ 022-2163 7380, 022-2163 4353, 87792 00271

# પાંચ લાખના વીમા કવચ માટે રેશનકાર્ડ હવે ફરજિયાત નથી

રાજ્યમાં દરેક નાગરિકને પાંચ લાખ રૂપિયાનું વીમાકવચ આપતાં સરકારે હવે રેશનકાર્ડ અને એક લાખ રૂપિયા સુધીની આર્થિક આવકની મર્યાદા ધરાવતા કડક માપદંડને ફરજિયાત નથી રાખ્યા.

રેશનકાર્ડ નહીં હોય તો તહેસીલ ઓફિસમાં સર્ટિફિકેટની ઉપલબ્ધતા યોજનાનો લાભ આપતાં સ્વીકાર્ય માનવામાં આવશે. આ નવી યોજનામાં આ પહેલાંની મહાત્મા ફુલે અને આયુષ્યમાન ભારત યોજના સંયુક્ત રીતે અમલમાં મૂકવામાં આવશે. પાંચ પૈકી દોઢ લાખ રૂપિયા રાજ્ય સરકાર તરફથી, જ્યારે બાકીના સાડાત્રણ લાખ રૂપિયાની ઉપલબ્ધતા કેન્દ્ર સરકાર કરશે.

મહારાષ્ટ્રમાં ૧૨.૫ કરોડ લાભાર્થીઓને આ નવી તબીબી વીમા યોજનાનો લાભ મળશે અને રાજ્યની બહારના અકસ્માતમાં ઘાયલ લોકોને પણ આમાં સમાવી લેવામાં આવશે. રાજ્યની બહારના દર્દીઓને મહારાષ્ટ્રમાં અકસ્માત થાય તો તેઓને એક લાખ રૂપિયાનું વીમાકવચ આપવામાં આવશે. આ સમયે તેમના નામની ખાતરી જિયો ટેગિંગ દ્વારા કરવામાં આવશે. પોલીસ પાસે અકસ્માતની નોંધ, તબીબી સર્ટિફિકેટ જેવા પુરાવા આ સમયે સ્વીકાર્ય ગણાશે. નેશનલ હેલ્થ ઓથોરિટી પાસે આ વીમાયોજનાની અમલ બજાવણી યોગ્ય પદ્ધતિથી કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

જો છ વર્ષથી નીચેના બાળકનું રેશનકાર્ડમાં નામ નહીં હોય તો તેનાં માતા-પિતાનું નામ, હોસ્પિટલે આપેલા બાળકના જન્મના સર્ટિફિકેટને ધ્યાનમાં રાખીને યોજનાનો લાભ આપવામાં આવશે. આ ઉપરાંત દર્દીઓની સારસંભાળનાં પાસાંઓમાં દર્દીઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપતા સમયે સસ્તું ભાડું, હોસ્પિટલમાં રોકાણ દરમિયાન ભોજનનો ખર્ચ અને એક વર્ષ સુધી ફોલો-અપનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જેમની પાસે કોઇ પણ પ્રકારનું રેશનકાર્ડ નથી. ૩૬ જિલ્લાઓમાં ઓરેન્જ રેશનકાર્ડ ધારકો જેમની વાર્ષિક આવક રૂ.૧ લાખ છે. પીળા રેશનકાર્ડ ધારકો. અંત્યોદય અન્ન યોજનાના લાભાર્થી. અન્નપૂર્ણા રેશનકાર્ડ ધારકો. સરકારી અને અર્ધ સરકારી કર્મચારીઓ અને તેમના પરિવારો. સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓ, ચિલ્ડ્રન્સ હોમનાં બાળકો, મહિલાગૃહો, વૃદ્ધાશ્રમોનાં વરિષ્ઠ નાગરિકો, ડિરેક્ટોરેટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ પબ્લિક રિલેશન્સ દ્વારા માન્યતાપ્રાપ્ત પત્રકારો અને તેમના આશ્રિત પરિવારો તેમ જ રાજ્યમાં બાંધકામ સ્થળે કામ કરતા કામદારો જેઓ રાજ્ય કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા છે તેમને આ યોજનાનો લાભ મળી શકશે.

# મુલુંડ, થાણા વચ્ચેના પ્રસ્તાવિત નવા સ્ટેશન પરિસરમાં મનોરંજન વિસ્તાર વિકસાવાશે

રેલ્વે મંત્રાલયે થાણે અને મુલુંડ વચ્ચેના પ્રસ્તાવિત રેલવે સ્ટેશન પર મનોરંજન ક્ષેત્રનો વિકાસ હાથ ધરવાનું નક્કી કર્યું છે, જેનાથી સ્થાનિક નાગરિક સંસ્થાના આશરે રૂા.૧૮૫ કરોડના ભંડોળની બચત થવાની અપેક્ષા છે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જારી કરાયેલા એક રિલીઝમાં બુધવારે જણાવ્યું હતું કે દિલ્હીમાં સાંસદ શ્રીકાંત શિંદે (કલ્યાણ) અને નરેશ મહસ્કે (થાણે) દ્વારા હાજરી આપેલ બેઠક દરમિયાન નવા સ્ટેશનની આસપાસ ફરવા માટે મનોરંજન વિસ્તારને વિકસાવવાનું વચન રેલવે પ્રધાને અશ્વિની વૈષ્ણવે આપ્યું હતું. રેલવે મંત્રાલય થાણેમાં નવા રેલ્વે સ્ટેશનના મનોરંજન વિસ્તારના તમામ કામો હાથ ધરશે. નવા સ્ટેશનને કેન્દ્ર સરકારના 'સ્માર્ટ સિટી મિશન' હેઠળ વિકસાવવામાં આવશે.

# ગેરકાયદેસર ફેરિયાઓના વધતા ત્રાસ બાબતે હાઈકોર્ટે મનપા સરકારને ફટકાર લગાવી

મહારાષ્ટ્ર સરકાર અને બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ને ગેરકાયદે ફેરિયાઓની સમસ્યાના ઉકેલ માટે અનિશ્ચિત સમય સુધી રાહ જોવાની અને આ અસહ્ય પરિસ્થિતિ સહન કરવાની ફરજ પાડી શકાય નહીં, એમ હાઇ કોર્ટે જણાવ્યું છે. દિવસે દિવસે આ સમસ્યા વરવી બની રહી છે એ પરિસ્થિતિમાં સરકાર અને પાલિકા કાર્યવાહીના મામલે એકબીજા તરફ આંગળી ચીંધી જવાબદારીમાંથી છટકી ન શકે એવા આકરા શબ્દોમાં અદાલતે સરકાર અને મહાપાલિકાનો કાન આમળ્યો છે. કાયદો ઘડ્યા પછી તેને ગંભીરતાથી ન લેવો એ કાયદો ન બનાવવા કરતાં વધુ ખરાબ છે. આ પ્રકારની નિષ્ક્રિયતા કાયદાનું અપમાન કરનારી છે એવા શબ્દોમાં ન્યાયમૂર્તિ



મહેશ સોનક અને ન્યાયમૂર્તિ કમલ ખાતાની ખંડપીઠે ટીકા કરી હતી. સુપ્રીમ કોર્ટ તેમજ હાઈ કોર્ટ તરફથી રાજ્ય સરકાર અને પાલિકાને સમયાંતરે વારંવાર આદેશ આપવા છતાં તેનો અમલ નથી થઈ રહ્યો. નિયમો, કાયદા અને આદેશ છતાં સંબંધિત અધિકારીઓ એના અમલીકરણ માટે બહુ ગંભીર નથી એ બાબતે પણ અદાલતે ચિંતા વ્યક્ત કરી હતી. સ્થાનિક સ્તરે દેખરેખ કે લાઇસન્સ પ્રાપ્ત અને લાઇસન્સ વિનાના ફેરિયાઓ વચ્ચેના તફાવતને ઓળખવા માટે કોઈ સર્વેક્ષણ ન થતું હોવાથી સમસ્યા ગંભીર બની છે.

આ કેસની ફરિયાદ કરનારા નાગરિકો પર હુમલા થાય છે. આવા હુમલા સામે રક્ષણ આપવાની જવાબદારી પોલીસની છે. એ અનુસાર ગેરકાયદે ફેરિયાઓને ડામવાની જવાબદારી માત્ર મહાનગરપાલિકાની જ નહીં પરંતુ પોલીસની પણ છે એમ અદાલતે તેના ૧૮ પાનાના આદેશમાં જણાવ્યું હતું. બીજી તરફ, ૨૦૧૪ માં આશરે ૧૦,૩૬૦ અને ઓક્ટોબર ૨૦૨૩માં લગભગ ૨૨,૦૨૭ લાઇસન્સ પ્રાપ્ત ફેરિયાઓ હતા, એમ પાલિકાએ તેના સોગંદનામામાં જણાવ્યું હતું. જો કે લાઇસન્સ વગરના ફેરિયાઓ લાઇસન્સ ધારકો કરતાં અનેકગણા વધારે છે.

# ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓને કસરત કરવાના ફાયદા




શારીરિક પ્રવૃત્તિ એ તંદુરસ્ત જીવનશૈલીનો આવશ્યક ભાગ છે, ખાસ કરીને ડાયાબિટીસ ધરાવતા લોકો માટે. કસરત, વ્યાયામ કે એક્સરસાઈઝ બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, હૃદય અને રક્તવાહિનીઓના (કાર્ડિયોવેસ્ક્યુલર) સ્વાસ્થ્યને સુધારે છે અને વજનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, આ સર્વ ડાયાબિટીસના મેનેજમેન્ટ માટે નિર્ણાયક પરિબળો છે. આજનાલેખમાંઆપણે ડાયાબિટીસ ધરાવતા લોકો માટે એક્સરસાઈઝના ફાયદાઓ અંગે માહિતી મેળવીશું અને નિયમિત કસરત શરૂ કરવા અને તેને જાળવવા માટેની ટીપ્સ જોઈશું.

બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરે છે : એક્સરસાઈઝ ઇન્સ્યુલિનની સંવેદનશીલતામાં સુધારો કરીને, આપના સ્નાયુઓને ઇન્સ્યુલિનનો ઉપયોગ વધુ અસરકારક રીતે કરવાની મંજૂરી આપીને અને ગ્લુકોઝનું સેવન વધારીને લોહીમાં સુગરના સ્તરને ઘટાડવામાં મદદ કરી શકે છે. નિયમિત કસરત A1C સ્તરને ઘટાડવામાં પણ મદદ કરે છે, જે લાંબા સમય દરમ્યાનનું બ્લડ સુગર નિયંત્રણનું માપ છે.

હૃદય અને રક્તવાહિનીઓના (કાર્ડિયોવેસ્ક્યુલર સ્વાસ્થ્યમાં સુધારો કરે છે : ડાયાબિટીસ ધરાવતા લોકોને કાર્ડિયોવેસ્ક્યુલર રોગ થવાનું જોખમ વધારે હોય છે. નિયમિત કસરત બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને ટ્રાઇગ્લિસેરાઇડના સ્તરો સહિત રક્તવાહિનીઓના સ્વાસ્થ્યમાં સુધારો કરીને આ જોખમને ઘટાડવામાં મદદ કરી શકે છે.

વજન નિયંત્રિત કરે છે : ડાયાબિટીસના મેનેજમેન્ટ માટે સ્વસ્થ વજન જાળવી રાખવું જરૂરી છે. એક્સરસાઈઝ આપના શરીરની કેલરી બાળીને (બર્ન કરીને)તેમ જ શરીરમાં સ્નાયુના જથ્થાને વધારીને, વજન ઘટાડવા અથવા તંદુરસ્ત વજન જાળવી રાખવામાં મદદ કરી શકે છે, જે આપના ચયાપચય (મેટાબોલીઝમ)ને સુધારે છે.

તણાવ (સ્ટ્રેસ) ઓછો કરે છે: એક્સરસાઈઝ તણાવના સ્તરને ઘટાડતી અને માનસિક સ્વાસ્થ્યને સુધારતીજોવા મળે છે. સ્ટ્રેસને કારણે લોહીમાં શુગરનું પ્રમાણ વધી શકે છે, તેથી એક્સરસાઇઝ દ્વારા સ્ટ્રેસ લેવલ ઘટાડવાથી લોહીમાં સુગરના નિયંત્રણમાં સુધારો કરવામાં મદદ મળી શકે છે.

ઉર્જાનું સ્તર વધારે છે : નિયમિત વ્યાયામ ઊર્જાનું સ્તર વધારી શકે છે અને થાક ઘટાડી શકે છે, જે તમને તમારા રોજિંદા જીવનમાં સક્રિય અને વ્યસ્ત રહેવામાં મદદ કરે છે.

**વ્યાયામ નિયમિત શરૂ કરવા અને જાળવવા માટેની ટિપ્સ :**

- હળવી કસરતથી ધીમી શરૂઆત કરો અને ધીમે ધીમે કસરતની તીવ્રતા અને સમયગાળો વધારો.
- આપની મનપસંદ પ્રવૃત્તિઓ પસંદ કરો અને જે તમારી જીવનશૈલીમાં બંધબેસતી હોય.
- કસરતને આદત બનાવવા માટે તેને આપની દિનચર્યાનો ભાગ બનાવો.
- બ્લડ સુગરમાં થતા ફેરફારોને ઓળખવા અને તેને જરૂરિયાત મુજબ એડજસ્ટ કરવા માટે કસરત પહેલાં, દરમિયાન અને પછી તમારા લોહીમાં ખાંડના સ્તરનું નિરીક્ષણ કરો.
- યોગ્ય પ્રમાણમાં પાણી પીઓ, હાઈડ્રેટેડ રહો અને એક્સરસાઈઝ દરમ્યાન કે પછી લોહીમાં સુગરનું પ્રમાણ ઘટી જવાના (હાઈપોગ્લાયસેમિઆ)ના કિસ્સામાં ખાવા માટે નાસ્તો હાથવગો રાખો.
- સલામત અને અસરકારક કસરત યોજના વિકસાવવા માટે આપના આરોગ્યસંભાળ પ્રદાતા (ડાયાબિટોલોજિસ્ટ) સાથે કામ કરો.

નિષ્કર્ષમાં, નિયમિત એક્સરસાઈઝ એ ડાયાબિટીસ મેનેજમેન્ટનો આવશ્યક ભાગ છે.



## શ્રીમતી બિરલા તરફથી રોટરી ક્લબ ઓફ મુલુંડ અને થાણેને રૂા.૧.૬ કરોડનું દાન

બિરલા ગ્રુપના શ્રીમતી રાજશ્રી બિરલાએ રોટરી ક્લબ ઓફ મુલુંડ એન્ડ થાણેને તેમના નાના બાળકોની (પીડિયાટ્રીક) હાર્ટ સર્જરી માટેના પ્રોજેક્ટ માટે રૂા.૧.૬ કરોડ (યુએસ ડોલર ૨,૦૦,૦૦૦)નું દાન આપ્યું છે. એક્સ (અગાઉના ટ્વીટર) પર આ માહિતી આપતાં આ પ્રોજેક્ટના ચેરમેન અને રોટરી ઇન્ટરનેશનલના ટ્રસ્ટી અને પાસ્ટ રોટરી ઇન્ટરનેશનલ ડાયરેક્ટર (PRID) અશોક મહાજનએ શ્રીમતી રાજશ્રી બિરલાનો આ દાન આપવા બદલ આભાર માનતા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ માટે શ્રીમતી બિરલાએ આપેલા સહયોગથી સેંકડો બાળકોને નવજીવન મળશે. તસ્વીરમાં PRID અને ટ્રસ્ટી, રોટરી ઇન્ટરનેશનલ અશોક મહાજન શ્રીમતી રાજશ્રી બિરલાના હસ્તે રૂા.૧.૬ કરોડનો ચેક સ્વીકારતા જણાય છે.

## મુલુંડના રસ્તાઓ પર વાહનચાલકોના જાન માટે જોખમી ખાડાઓ



વરસાદની મોસમ શરૂ થાય તે પહેલાં મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીઓ દર વર્ષે દાવાઓ કરે છે કે આ વર્ષે વરસાદમાં મુંબઈના રસ્તાઓ ઉપર ખાડાઓ નહીં પડે પરંતુ લગભગ પહેલા જ મોટા વરસાદમાં આ દાવો તણાઈ જાય છે અને એ સમજવું મુશ્કેલ બને છે કે રસ્તા પર ખાડાઓ છે કે ખાડાઓની વચ્ચે રસ્તા છે! આ ખાડાઓને કારણે વાહનવ્યવહાર ધીમો થઈને ટ્રાફિક જામ તો સર્જાય જ છે પરંતુ કેટલાક ખાદોતો એટલા મોટા અને ઊંડા હોય છે કે જો ધ્યાન ન રાખે તો ખાસ કરીને ટુ વ્હીલર વાહનચાલકો માટે જાનલેવા પણ બની શકે છે. મુલુંડની સોચ બદલો, મુલુંડ બદલેગા સંસ્થાના સુલભ જૈન એ એવા જ જાન માટે જોખમી ખાડાની માહિતી મોકલી છે જે મુલુંડ પ.માં મદનમોહન માલવીય માર્ગ અને પુરુષોત્તમ ખેરાજ માર્ગના જંક્શન પર રત્ના સુપર માર્કેટની સામે રસ્તાની વચ્ચોવચ આવેલો છે. આ ખાડાને કારણે દરરોજ અનેક નાનામોટા અકસ્માતો થાય છે. કોઈ ગંભીર અને જાનલેવા અકસ્માત થાય તે પહેલાં આ ખાડાનું સમારકામ કરવાની તાતી જરૂર છે.


## મુલુંડ વેસ્ટના ટ્રાફિકથી અતિ વ્યસ્ત એલ.બી.એસ.માર્ગ પર ખૂલ્લી ગટરો જોખમ કારક

સોચ બદલો મુલુંડ બદલેગાના જાગૃત નાગરિક અને જનસેવક શુલભ જૈન એ ટી વોર્ડના સહાયક આયુક્ત અજય પાટને ને પત્ર લખી મુલુંડ વેસ્ટના ટ્રાફિકથી અતિ વ્યસ્ત એલ.બી.એસ. રોડ પર જોન્સન એન જોન્સન કંપની સામે સિગ્નલ પાસે ગટરને આવરી લેતા લોંખડના કવર તૂટી ગયા ને કારણે ગટરો ખૂલ્લી પડી છે. જેને કારણે નાના વાહનો, તેમજ અહીંથી પસાર થતાં રાહદારીઓને ભર વરસાદ તેમજ અંધારાના માહોલમાં આ ખૂલ્લી ગટરો સ્પષ્ટ દેખાતી ન હોવાથી લોકો દૂર્ઘટનાનો ભોગ બની રહ્યાં છે. આ સમસ્યા વહેલી તકે ઉકેલવા તંત્ર ગંભીર બને એવી માંગ કરી છે અને અંતે આશા કરી છે કે દુરસ્તી કામ જેમ બને તેમ જલ્દી શરૂ કરાય.






## અદ્યતન સાધનોથી સજ્જ એડવાન્સ ફિઝીયોથેરાપી ક્લિનિક ‘રીવાઈવ મોશન’



**SPINAL DECOMPRESSION THERAPY**

Spinal decompression therapy is a non surgical treatment method aimed at relieving back and neck pain caused by conditions such as herniated disc, bulging disc, degenerative disc. It is safe and effective option for many patients seeking relief from chronic back or neck pain.

**KEY BENEFITS OF SPINAL DECOMPRESSION THERAPY**

- Restore movement, mobility and function
- Provides relief from pain, tingling, numbness
- Non surgical option for treating pain
- An affordable treatment option



**ADVANCE LASER THERAPY**

Its unique technology enables concurrent treatment of pain, inflammation and swelling quickly whilst eliminating any harmful heating effects.

**BENEFITS OF LASER THERAPY**

- Non-invasive, no pain, no toxic treatment
- Strong anti-inflammatory effect
- Minimization of pain, swelling, and complications
- Faster recovery time of the structural integrity of the injured region
- Improvement in functionality and range of motion
- Increased strength, endurance, and performance
- Improved quality of life



**WE ASSIST IN**

- Pain reduction and management
- Better movements and balance
- Recover from injury
- Drug free treatment
- Improve fitness and athletic performance
- Improve mental health
- Avoid surgery
- Strong muscle and joints

**AREA OF EXPERTISE**

Spine rehabilitation
Pre/post surgical rehabilitation
Sports injury
Arthritis
Low back pain
Osteoporosis
Frozen shoulder
Stroke rehabilitation
Muscular ligament injury
Strength and endurance training
Cupping/dry needling

Take appointment and get 1st consultancy FREE

ARE YOU SUFFERING FROM NECK PAIN AND BACK PAIN




**ડો. રીતુ બરઈ**
MPT (Ortho), MIAP

Revive Motion
Revitalize, Restore, Relieve !

**રીવાઈવ મોશન (ફીઝીયોથેરાપી)**
1207, રૂનવાલ R-સ્ક્વેર, LBS રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૦૮૦.
એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી
સમયઃ સવારના ૧૦ થી રાતના ૮ સુધી

**Call : 9372871593**

Email : revivemotionpt@gmail.com
Website : www.revivemotion.co.in
Follow us on : revive_motionpt



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૧૭ જુલાઈ - ૨૩ જુલાઈ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** કર્મના સિધ્ધાંત મુજબ જે તમારૂ છે એની પ્રાપ્તિ કરવા આગળ વધો. પરિવારનો કોઈ યુવાન સભ્ય મુશ્કેલીમાં છે. થોડી ફુરસદ મેળવીને તેની સાથે ચર્ચા કરો, જેથી એને યોગ્ય રસ્તો મળે. અધિકાર માટે લડવા ઈચ્છતા હો કે પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા ઈચ્છતા હો તો વર્તમાન સમય અત્યંત ઊપયોગી બનશે. સમયના અભાવે જે કાર્યો બાકી રહ્યા હતા એ હવે પાર પાડી શકશો. તમારા માટે મહત્વના હોય એવા માણસો સાથે વધુ વિચારશીલ અને પ્રેમાળ બનીને વર્તો એવી મારી સલાહ છે. સિંગલ હશે તેમના માટે લગ્નની દશાનો સમય શરૂ થઈ ગયો છે. **સ્ત્રીવર્ગ માટે :** નિષ્ક્રિય રહેવાને બદલે તમારા ઈન્ટરેસ્ટને વિકસાવો.

**વૃષભ (બ,વ,ઉ) :** સફળતા મેળવવા સતત પ્રયાસો કરી રહ્યા છો. પરિણામે ઘર માટે ભાગ્યે જ સમય ફાળવી શકો છો એમ દેખાય છે. પરિવારના મેમ્બરો સાથેના અંગત સંબંધોને સમજવાનો સમય છે. તેમને સ્પર્શતા મુદ્દાઓ બાબતે જાગૃત રહી સાવચેતી રાખવાની સલાહ છે. શાંતિ ઈચ્છતા હશો તો બ્રહ્માંડમાંની ઈશ્વરીય શક્તિઓ જીવનમાં જે નાટ્યાત્મક પાસાંઓ હશે એ દૂર કરશે. પ્રવાસ દરમ્યાન જીવનમાં એક નવો વળાંક આવી શકે છે. માતા કે પરિવારની મોટી ઊમરની કોઈ વ્યક્તિને રૂટીન ચેક-અપ માટે અવશ્ય લઈ જવું. વાહન લેવા માટે થોડો સમય થોભી જાવ. **સ્ત્રીવર્ગ માટે :** જે સત્ય છુપાવી રહ્યા છો એ અણધારી વાતચીતમાં બહાર આવી જશે.

**મિથુન (ક,છ,ઘ) :** ક્યારેક મનમાં સારી ભાવના હોય છતાં લોકો તમારા ઈરાદા વિશે ગેરસમજ કરી બેસશે. આથી બોલતા પહેલા પૂરતો વિચાર કરી લેજો. મારૂ જો માનતા હો તો મિઠાશથી જે ઈચ્છશો એ મેળવી શકશો, તો પછી ક્રોધ કરવાની જરૂર શું છે? પરિવારમાં કોઈક પ્રસંગની ઊજવણી તમને ખૂબ જ ઉત્સાહિત બનાવશે એમ દેખાય છે. વયોવૃધ્ધ વ્યક્તિએ ફેમિલીના યુવાન સભ્યો સાથે કળથી કામ લેવાની જરૂર છે. પરિણીત વ્યક્તિ માટે સજોડે રજા ગાળવા માટે બહાર જવાનું લાભદાયી રહેશે. અચાનક ખર્ચાઓ વધશે. **સ્ત્રીવર્ગ માટે :** લાગણીઓ પર કાબૂ રાખી મોક્ષ પ્રાપ્તિ માટે સત્કર્મો કરવાનું ચાલુ રાખો.

**કર્ક (ડ,હ) :** હાલની પોઝિટિવ સાઈકલ ચાલુ રહેશે. હાલનો સમય ઈચ્છાપૂર્તિનો અને મહત્વકાંક્ષાઓ આગળ વધારવાનો છે. નવી શરૂઆત માટે ઊજળા સંજોગો છે. નવુ ઘર, નવો અભિગમ, નવા મિત્રો બધા માટે સારો સમય છે. ફેમિલી સાથે પણ નવો સંબંધ આકાર લેશે એમ જણાય છે. બિઝનેસને લગતી બે દરખાસ્ત અથવા કોન્ટ્રેક્ટ તમને મળશે અને આને લીધે તમે પુરજોશમાં આગળ વધી શકશો. દુનિયાદારી ભૂલીને પ્રિયપાત્ર સાથે સમય ગાળો એવી મારી સલાહ છે. આહાર પર ખાસ ધ્યાન આપો અને બ્લડપ્રેશર કન્ટ્રોલમાં રાખો, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** ભૂતકાળને સતત વાગોળતા રહીને દુઃખી થવાનું કારણ નથી. ભૂતકાળને ભૂલીને વર્તમાનમાં જીવો.

**સિંહ (મ,ટ) :** જીવનના પડકારોનો દઢતાથી સામનો કરવાનો સમય છે. માત્ર વાતો કરવાને બદલે ચોક્કસ દિશામાં પગલા લેવા તમે સજ્જ થઈ ગયા છો એમ દેખાય છે. તમારી મદદને પગલે ફેમિલીની કોઈ વ્યક્તિ દૂરના ભવિષ્ય પર નજર નાખતા અને વિચારતા શીખશે. કાનૂની બાબતો હાથ ધરવાનો, વેપાર વિસ્તારવાનો અને ટૂંકી મુસાફરીનો તમે પ્લાન બનાવ્યો છે. પ્લાન એવી રીતે ગોઠવો કે ભેગાભેગી તીર્થધામની યાત્રા પણ થઈ જાય. નિયમિત આહાર અને કસરતનો ખ્યાલ રાખવાની સલાહ છે. અપરિણીતોને વિદેશથી માગુ આવી શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** કંઈક ખોટું થાય છે એવું લાગે તો એ વિષયથી અળગા રહો અને નકારાત્મક વિચાર મનમાંથી કાઢી નાખો.

**કન્યા (પ,ઠ,ણ) :** તમે સંજોગો વચ્ચે જકડાયેલા હોવાનો અત્યારે અનુભવ કરો છો, પણ સરવાળે તમને ફાયદો જ થશે એમ દેખાય છે. ધંધો બદલવાનો કે વધારવાનો વિચાર અગ્રક્રમે મૂકી લોન માટે અરજી કરવાનો યોગ્ય સમય છે. એક મિત્ર સાથે વિચારોની આપ-લે કરવાથી તમે સાચા માર્ગ પર આગળ વધી રહ્યાની ખાતરી થશે. વાસ્તવમાં એ મિત્ર તમને મૂલ્યવાન ફાઈનેન્શિયલ સલાહ આપી શકશે. પ્રિયજન સાથે બને એટલા પ્રેમાળ રહેવાની સલાહ છે. ખર્ચ માટે વધારાના પૈસા મળી રહેશે. હતાશામાં ડૂબેલી પરિવારની એક વ્યક્તિને તમારી મદદની જરૂર પડશે. **સ્ત્રીવર્ગ માટે :** ઊંડા મંથન પછી જ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની સલાહ છે.

**તુલા (ર,ત) :** કર્મની હવે પછીની ગતિમાં મહત્વના નિર્ણયો લેવાની જવાબદારી સ્વીકારવી પડશે. બિઝનેસમાં વધુ સફળતા લાવી શકે એવા નવતર ફેરફારો તરત કરવાની સલાહ છે. નોકરીમાં પગાર વધારો, બઢતી કે કામકાજ સંબંધી પ્રવાસની શક્યતા છે. આત્મવિશ્વાસ ધીરે-ધીરે વધશે. જેથી લક્ષ્ય સિધ્ધ કરવા થોડું જોખમ ઊઠાવી શકશો. વિદ્યાર્થીઓ માટે વધુ અભ્યાસ માટેનો વિચાર સારો છે. યુવાનો સાચો પ્રેમ મેળવે એવી શક્યતા છે. ભવિષ્ય માટે થોડા પૈસાની બચત કરવાની ખાસ સલાહ છે. કોઈ પસંદગીની વ્યક્તિ સાથે વિદેશ પ્રવાસની કે યાત્રાની તક મળશે. **સ્ત્રીવર્ગ માટે :** પ્રિયજન કશીક ચિંતામાં હશે એ તમે પામી જશો.

**વૃશ્ચિક (ન,ય) :** અનુભવોથી ધીરજ અને સાવધ રહેવાનું શીખ્યા છો આથી નવી ઘટનાઓનો સામનો કરવા તૈયાર છો એમ દેખાય છે. આજથી પાંચ વર્ષમાં ક્યાં પહોંચવાનું છે તે નક્કી કરો અને લક્ષ્ય પામવા પર ધ્યાન કેન્દ્રિત કરો એવી મારી સલાહ છે. પૈસા કે ફીમતી ચીજોની બાબતમાં વધુ સાવચેતી રાખવી પડશે એમ દેખાય છે. માતાની તબિયતમાં સતત સુધારો થતો રહેશે અને એમને સારૂ થઈ જશે. પરિવારના એક યુવાન મેમ્બરના અભ્યાસની ચિંતા રહેશે. ફોરેનના કોઈ કોન્ટેક્ટના સારા સમાચાર મળશે. પિત્ત વધી શકે છે ને માથાના દુખાવાની ફરિયાદ રહે. **સ્ત્રીવર્ગ માટે :** યોગા, ધ્યાન કે અન્ય કોઈ પધ્ધતિથી તાણ દૂર કરો.


**ધન (ભ,ધ,ફ,ઢ) :** મનને તંગ બનાવે એવી દલીલોમાં ન ઊતરો. જે સાચુ લાગે એ ભલે કહો, પરંતુ મીઠાસથી બોલો એવી મારી સલાહ છે. આ સમયમાં વિશ્વાસુ વ્યક્તિ છેતરી ન જાય એની તકેદારી રાખવી પડશે. અનેક પ્રકારના મહત્વના નિર્ણયો લેવા પડશે. અનેક શક્યતાઓ સામે હશે, પરંતુ પ્રણયજીવનની બાબતોને પ્રાધાન્ય આપવું પડશે. એમ નહી કરો તો થોડા વખત પછી એકલા પડી જશો. શહેરની ધમાલથી દૂર હોલિડે મનાવી આવો તો સારૂં. ત્રણ જણ સાથે ભાગીદારીની વાત આવે તો ખસી જાઓ, કારણ કે આ પાર્ટનરશિપ આગળ નહીં વધે. **સ્ત્રીવર્ગ માટે :** પ્રકૃતિએ જે કંઈ આપ્યું છે એ માટે આભારવશ રહો.

**મકર (ખ,જ) :** તમારા પ્રત્યે આકર્ષાયેલા લોકોની અવગણના કરતા રહેશો તો કદાચ કોઈક રસપ્રદ વ્યક્તિના સંપર્કમાં આવવાની તક ગુમાવી બેસશો. જીવનમાં હવે તમારે ઠરીઠામ થઈ જવું જોઈએ. જો એમ નહી કરો તો આગળ જતા મુશ્કેલીમાં મૂકાઈ શકો છો. કામકાજ, પ્રોપર્ટી અને પાર્ટનરશિપમાં કયો વિકલ્પ પસંદ કરવો એ વિશે દ્વિધા અનુભવી રહ્યા છો. તમારી પાસે વિચારો તો ભરપૂર છે, પરંતુ એને અમલમાં મુકવામાં મુશ્કેલી અનુભવશો એમ દેખાય છે. ઓફિસમાં કોઈ તમને અન્ય દિશામાં જવા લલચાવે તો પણ તમારા નિર્ણયોને વળગી રહેવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા પરિવારમાં લગ્ન કે સગાઈનો પ્રસંગ આવી શકે છે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** શકટનો ભાર શ્વાન તાણે એ કહેવત મુજબ જવાબદારીનો બોજો માથે લઈ ફરવાથી જીવનના આનંદ અને ઊલ્લાસને તમે કચડી નાખો છો. થોડા હળવા થતા શીખો અને હરવા ફરવા જઈને માનસિક તાણમાંથી મુક્ત થાઓ. સ્વાર્થના સગા કોણ છે એ જાણીને જે વ્યક્તિ સાથે હળવામળવાનું તમને ગમે તેની સાથેના સંબંધ પર ધ્યાન આપો એવી મારી સલાહ છે. વિદેશમાં ધંધો વિકસાવવાની તક આપવાની કોઈ વાત કરે તો ચેતીને ચાલજો, કારણ કે તકેદારી નહીં રાખો તો ભવિષ્યમાં આર્થિક કે કાનૂની મુશ્કેલી ઊભી થઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા પ્લાન વિશે બહુ હોહા ન કરવાની સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** જીવનમાં શિસ્ત લાવો. વહેલા સૂવુ-ઊઠવું, કસરત કરવી અને ડાયટ કરવું એ બધુ જ તમારા લાભમાં છે. તમારામાંના કેટલાકને સામાજિક કાર્યો કરવાનું સૂઝશે અને તમે બાળકો તથા પ્રાણીઓના કલ્યાણાર્થે કામ કરશો એમ દેખાય છે. જે પ્રાપ્ત કરવાની તમને અદમ્ય ઈચ્છા છે એ મેળવવા દૈવીશક્તિઓ અણધારી રીતે મદદ કરશે. હાલ ઘણા વિકલ્પો ખુલ્લા છે. તમારા કરીઅરને આગળ વધારવામાં કયો વિકલ્પ ઊપયોગી થશે એનો કાળજીપૂર્વક વિચાર કરીને યોગ્ય પસંદગી કરવાનો સમય છે. ખર્ચમાં કાપ મૂકી ફાઈનેન્સની પુનર્રચના કરો એવી મારી સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** લોકો વિશે ખોટા અભિપ્રાયો બાંધી લેવાનું બંધ કરો. જીવો અને જીવવા દોનું વલણ અપનાવો.

# Gastroesophageal Reflux Disease (ગેસ્ટ્રોએસોફેજલ રીફલક્સ)



કુદરતે માનવીની અન્નનળી (Food-Pipe)ના છેવટના ભાગે અને પેટની શરૂઆતમા વાલ્વ (રીંગ)ની રચના મૂકી છે. ખોરાક, પાણી, પીણા અન્નનળીથી પેટમાં જાય ત્યારે વાલ્વ ખુલ્લે છે અને પેટમાં રહેલો ખોરાક, તેજાબ-એસીડ ફરી પાછું અન્નનળીમાં ન જાય તેથી વાલ્વ બંધ થઈ જાય છે.

કોઈપણ કારણથી વાલ્વની ક્રિયા-પ્રતિક્રિયામાં લાંબા સમય માટે અસમાનતા રહે તો એસીડ-ખોરાક અન્નનળીમાં ઉછળે છે, પ્રવેશે. આના પરીણામે અન્નનળીમાં લાલશ, ઉઝાવેડા, સોજા, ઝખમ, અલ્સર, સંકોચન થાય છે. લાંબા ગાળે અન્નનળીનું કેન્સરનું જોખમ વધી જાય છે.

બહુ જ સામાન્ય ફરિયાદમાં ગેસ, ખાટા ઓડકાર, છાંતીના મધ્યમભાગમાં બળતરા, દુઃખાવો, ગળવામાં મુશ્કેલી હોય છે. અમુક દર્દીઓ ફક્ત અવાજ ઘોઘરો થવું, દાંત સડવા, લાંબા સમય સુધી ખાંસી, બોલતી વખતે, રાત્રે સૂતા બાદ, શ્વાસ લેવામાં મુશ્કેલી છાતીના મધ્યમભાગમાં ડુચો, તીવ્ર દુઃખાવો, વજન ઘટી જવું, ઉબ્કા, ઉલ્ટી, રક્ત ઘટી જવું, હેડકીની ફરિયાદ કરે છે.

થવાના અનેક કારણો કામ કરતા હોય છે. જેમકે • વારંવાર તીખા-મસાલાવાળા • ભારે તળેલા ચરબીયુક્ત ખોરાક • દારૂ • કોફી • સોફ્ટ ડ્રિંક્સ • બીડી, સિગારેટ, તંબાકુ • કસમયે જમવાનું અને સુવાનું • જમ્યા બાદ જલ્દી લેટવું, સૂવું • વધારે વજન • પ્રેગનેન્સી • માનસિક રોગની દવા • બલ્ડપ્રેશરની દવા • અસ્થમાની દવા વગેરેની આડઅસર.

દૂરબીનથી (Endoscopic study) જોઈને ચોક્કસ નિદાન થાય છે. ઉપરના કારણોને શોધી નિવારવાની આગ્રહભરી સલાહ સાથે પ્રોટોન પંપ ઈન્હીબીટર દવાનો ૩ મહિના સુધી કોર્સ આપવામાં આવે છે. સારું થઈ જાય છે. પણ વારંવાર થઈ શકે છે. હોમિયોપથીક ચિકિત્સા કરી શકાય.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

---

## હાઈકુ

*વિકારોરૂપી*
*વ્યાધિને દૂર કરે*
*છે વિપશ્યના.*

*સ્વાર્થ તો કામ*
*કરે એની માટે, જે*
*હોય કામના.*

*એકવીસમી સદી?*
*ગાય સ્ત્રીઓનો*
*મહિમાગાન.*

*ભીતર ઈંટ,*
*તેથી જ મજબૂત*
*ઘરની ભીંત.*

*ભીડમાં જાગે*
*એકાંતમાં અહમ્?*
*સૂઈ જવાનો.*

*સીડી પરનું*
*મસ્ત છે આરોહણ,*
*વૃદ્ધાવસ્થા તો.*



કવિયત્રી
મંજુલા રાંભિયા



# જ્ઞાનસરિતા સ્કૂલ પાસે TMTની બસ ડિવાઈડર પર ચઢી ગઈ

ગઈ કાલ મંગળવાર તા.૧૬ જુલાઈના થાના મ્યુનિસપલ ટ્રાંસ્પોર્ટની બસ મુલુંડના નેતાજી સુભાષ રોડ પર રામતત્વ ભાવના, જ્ઞાનસરિતા સ્કૂલ પાસે રસ્તો ઓળંગી રોડ ડિવાઈડર ઉપર ચઢી ગઈ હતી. જેને કારણે ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.

ડ્રાઈવરના બેધ્યાનથી આ ચૂક થઈ હોવાનું જાણવા મળે છે. ઘણી મથામણ અને જહોજદ કર્યા પછી બસને માર્ગ પર લાવી શકાઈ હતી.

# શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળામાં યોજાયો સરસ્વતી સન્માન સમારોહ





એસ.એસ.સી. અને એચ.એસ.સી. તેમજ સીબીએસઈ બોર્ડમાં ૧૦ મા ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી શાળાને યશ અપાવનાર વિદ્યાર્થીઓનું ચાંદીના સિક્કા દ્વારા સન્માન શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળા ટ્રસ્ટ દ્વારા કરાયું.

દર વર્ષે એસ.એસ.સી. અને એચ.એસ.સી.માં ૭૫% કે તે તેથી વધુ ગુણાંક અને સીબીએસઈ બોર્ડમાં ૧૦માં ૯૦% કે તેથી વધુ ગુણાંક મેળવનાર તેમજ શાળામાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર અને વિષયવાર પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને સન્માનવા તા.૧૩ જુલાઈ શનિવારના શેઠ કરમશી કાનજી અંગ્રેજી માધ્યમ શાળાના પ્રાર્થના ખંડમાં સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કારોબારીના સભ્યોમાંથી મેનેજિંગ ટ્રસ્ટી દિલીપભાઈ રવાણી માનદ્‌મંત્રી સીએ નિકુંજભાઈ શેઠ સભ્ય વિશાલભાઈ રાંભિયા ઉપસ્થિત હતા. સભાનું પ્રમુખ સ્થાન દિલીપભાઈ રવાણીએ શોભાવ્યું હતું. ગુજરાતી માધ્યમની વિદ્યાર્થિનીઓએ સુંદર પ્રાર્થના અને સ્વાગતગીતના સૂરો રેલાવી વાતાવરણ પ્રસન્નમય બનાવ્યું હતું. બન્ને માધ્યમના આચાર્યાશ્રીના વક્તવ્ય બાદ સન્માન સમારંભ શરૂ કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓને ટ્રસ્ટ તરફથી ચાંદીના સિક્કા અને દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત રોકડ ઈનામ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. પ્રમુખશ્રીએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધિ બાબત તેમની સરાહના કરી હતી સાથે જ આગળના જીવનમાં આવનારા પડકારો સામે હિંમતથી ટટ્ટાર ઊભા રહેવા જણાવ્યું હતું.


આચાર્યા શ્રીમતી સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જયશ્રીબેન જોષી અને જિગિષાબેન રાંભિયાએ કર્યું હતું. આભારવિધિ શ્રીમતી ચેતનાબેન ખોનાએ કરી હતી.

રાષ્ટ્રગીત દ્વારા કાર્યક્રમનું સમાપન થયું હતું.












# ઈન્નરવ્હીલ ક્લબ ઓફ મુલુંડના ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના પ્રમુખ તરીકે શ્રીમતી નૂતન ધુલ્લાની નિયુક્તિ

ઈન્નરવ્હીલ ક્લબ ઓફ મુલુંડ સમાજ સેવાના કાર્યો કરતી એક આંતરરાષ્ટ્રીય મહિલા સંસ્થા છે. ઈન્નરવ્હીલ ક્લબ ૧00થી વધુ દેશોમાં અને ભારતમાં લગભગ 30 જીલ્લાઓમાં તેમજ મુંબઈના દરેક પરામાં કાર્યરત એક અગ્રણી મહિલા સંસ્થા છે.

શુક્રવાર, તા.૫મી જુલાઈ ૨૦૨૪ના રોજ ઈન્નરવ્હીલ ક્લબ ઓફ મુલુંડના ૨૦૨૪-૨૦૨૫ના ૫૨ મા વર્ષના પ્રમુખ તરીકે શ્રીમતી નૂતન રાજેન્દ્રભાઈ ધુલ્લાનો પદગ્રહણ સમારોહ સરસ રીતે સંપન્ન થયો.

સૌ પ્રથમ ગત વર્ષના પ્રમુખ અપર્ણા રાણેએ પોતાના વર્ષ દરમ્યાનના સમાજ સેવાના કાર્યોની સિધ્ધિઓ વિઝ્યુઅલ પ્રવાસ સાથે માહિતી આપી. ત્યારબાદ નવા વર્ષના પ્રમુખ નૂતન ધુલ્લાનો પરિચય આપ્યો અને પ્રમુખ તરીકેની જવાબદારી વિધિપૂર્વક સોંપી.

૨૦૨૪-૨૫ના વર્ષના પ્રમુખ નૂતન ધુલ્લાએ સહર્ષ પ્રમુખપદ સ્વીકાર્યુ અને પોતાના કાર્યકાળ દરમ્યાન કરવાના સમાજસેવાના કાર્યોની વિવિધ પ્રોજેક્ટની માહિતી આપી. ત્યારબાદ પોતાના



કારોબારી સભ્યો તેમજ ટીમના સભ્યોનો પરિચય આપ્યો. તેની ટીમમાં આયપીપી અપર્ણા રાણે, વી.પી. રીટા ઠક્કર, માનદ્‌મંત્રી શારદા લાલા, ખજાનચી રીટા દવે, આઈ.એસ.ઓ. નિલુ સચદેવ, સી.સી.રૂબી લુગાની તેમજ કારોબારી સભ્યો પી.પી. સીમા જોષી, પી.પી.અંબિકા દાણી, પી.પી.પ્રિયાલી ધૂરંદર, હર્ષા ઝવેરી, તારા માલદે, સ્વાતિ દેશમુખ તેમજ પી.આર. ઓ.પી.પી.અનસુયાબેન શાહની નિમણુંક કરવામાં આવી હતી.

મુખ્ય અતિથિ ૩૧૪ ડીસ્ટ્રીક ચેરમેન શ્રીમતી પ્રેરણા રાઈચુરનો પરિચય પી.ડી.સી.ડૉ.કનકલતા સકસેના એ આપ્યો. મુખ્ય અતિથિ ડીસ્ટ્રીક ચેરમેન શ્રીમતી પ્રેરણાજીએ વિતેલા વર્ષના સફળતાપૂર્વક થયેલા કાર્યો બદલ ગતવર્ષના પ્રમુખ અપર્ણા રાણેને અને તેની ટીમના સર્વે સભ્યોને અભિનંદન આપ્યા અને વધુમાં





જણાવ્યું કે મુલુંડ ક્લબનું નામ ડીસ્ટ્રીક ૩૧૪માં ખૂબ જ સારૂં ને ઉચ્ચ છે. સર્વે કાર્યોની પ્રશંસા કરીને નવા વર્ષના પ્રમુખ નૂતન ધુલ્લાને શુભેચ્છા આપી. ત્યારબાદ અતિથિ વિશેષ રોટરી પ્રમુખ શ્રીમતી સીમા જોષીનો પરિચય શ્રીમતી તારા માલદેએ આપ્યો.

અતિથિ વિશેષ રોટરી ક્લબ ઓફ મુલુંડના નવા પ્રમુખ શ્રીમતી સીમા જોષીએ પણ ગત વર્ષના પ્રમુખ અપર્ણા રાણેને અભિનંદન આપ્યા તેમજ પ્રમુખ નૂતન ધુલ્લાને તેની ટીમને શુભેચ્છા આપી અને રોટરી ક્લબ ઓફ મુલુંડ તરફથી તેમજ પોતાના તરફથી ગીફ્ટ ચેક આપ્યો તેમજ રોટરી ક્લબનો તમોને પૂરોપૂરો સાથ છે તેમ જણાવ્યું.

ઈન્નરવ્હીલ ક્લબની તમામ પ્રવૃત્તિઓને આવરી લેતુ ઈન્નરવ્હીલ બુલેટીન ગયા વર્ષના સી.સી.શ્રીમતી શૈલ મુદ્રાએ ખૂબજ સારી રીતે સંકલિત કરી બનાવ્યું હતું. તેનું લોકાર્પણ કરવામાં આવ્યું.



સમારોહમાં ઈન્નરવ્હીલ ડીસ્ટ્રીક ૩૧૪ના પદાધિકારીઓ, નજીકના ક્લબમાંથી આવેલ પ્રમુખો, માનદ્‌મંત્રીઓ, રોટેરીયન મહાનુભાવો. ક્લબના પી.ડી. સી. કનકલતા સક્સેના, માર્ગોરેટ ગોલ્ડન એવોર્ડી શ્રીમતી સુનીતા દેવધર, ક્લબના ચાર્ટર સભ્ય પી.પી.અનસુયાબેન શાહ, ભૂતપૂર્વ પ્રમુખો, સભ્યો વિગેરેની ઉપસ્થિતિથી આ સમારોહની શોભામાં અભિવૃધ્ધિ થઈ હતી.

ઉપપ્રમુખ શ્રીમતી રીટા ઠક્કરે આવેલા સર્વે મહેમાનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. ઉપરોક્ત માહિતી પી.આર. ઓ.પી.પી.અનસુયાબેન શાહે અખબારી યાદી દ્વારા જણાવેલ છે.



SHREE PRAGATI FOUNDATION's

# HIRA – MONGI NAVNEET HOSPITAL

Care with human touch

H-2023-1173

## Introduced Advanced Robotic Technology for Knee Surgery & conducts Successful Robotic Knee Replacement Camp



*In a groundbreaking initiative, Shree Pragati Foundation's - Hira Mongi Navneet Hospital introduced the future of healthcare with cutting-edge medical robotic system designed to enhance precision & efficiency in surgical procedures to conduct Robotic Knee Replacement Surgery to benefit patients suffering from knee problems. The hospital now performs Robotic as well as Non-Robotic Knee Surgery.*

*More than 200 patients took advantage of the free counseling sessions focused on knee health & were provided with valuable information on how to take better care of their knees. The camp aimed to create awareness about the benefits of robotic knee replacement surgery & educate patients on the latest advancements in knee care. The hospital's efforts were well-received by the community, with many participants expressing their gratitude for the informative sessions.*

*Advanced technology in orthopedic care* | *Supervision of expert surgeons* | *Precision and optimal implant placement* | *Customized alignment to anatomy*




To begin this new development, the hospital organized a ***Free Seminar on Robotic Knee Surgery*** led by the renowned ***Orthopedic Consultant*** & Expert ***Robotic Knee Surgeon, Dr. Vividh Makwana.***




*Awareness on Robotic Surgery*



*OPD Consultation*



*Dr. Vividh Makwana with Dr. Anupam Karmakar*

**Achieving milestone**:
**Dr. Anupam Karmakar, the CEO & MD of the Hospital** marked the introduction of Advance Robot as a significant milestone in the field of Orthopedic Care.
By combining expertise, technology, and compassionate patient care, the hospital sets a new standard for excellence in surgical innovation and patient outcomes.
He emphasized on quality treatment at affordable cost by leveraging robotic technology, the hospital is able to streamline the surgical process, reduce operating room time, and minimize the risk of complications.

During the seminar, **Dr. Vividh Makwana**, renowned Orthopedic Consultant & Expert Robotic Knee Surgeon engaged in one-on-one interactions with patients, addressing their fears and doubts regarding robotic knee surgery and the recovery process. Patients were given the opportunity to understand the benefits of robotic-assisted surgery, such as enhanced precision and quicker recovery times.

***Benefits of Robotic Knee Surgery***:
- **Enhanced precision**: Accurate placement of implants, Better alignment, Longevity of knee joint
- **Faster recovery**: Minimally invasive robotic knee surgery, shorter hospital stay, quicker recovery
- **Customized treatment**: Each surgery is tailored to the specific needs of the patient, ensuring optimal results and reducing the risk of complications.

***Correct Physiotherapy for Faster Recovery** & **Nutrition for better Knee** :Dr. Pradnya Gada highlighted the crucial role of physiotherapy in the recovery process after knee surgery. With her expertise and experience in the field, Dr. Gada explained how Physiotherapy can significantly impact overall recovery and quality of life. Nutrition Expert Ms. Shweta Sawant, explained the importance of proper nutrition and weight management post-surgery to promote healing. Her expert advice emphasized the importance of incorporating healthy eating habits into their daily routine for optimum recovery.*





*In addition to delivering exceptional patient care, the hospital is committed to providing cost-effective healthcare solutions that meet the needs of its patients. By leveraging advanced robotic technology and experienced surgical teams, the hospital aims to provide patients with superior outcomes and improved quality of life. With a focus on precision, customization, and affordability, the hospital continues to set new standards in the field of knee replacement surgeries.*

### OUR SERVICES

- ✓ Anesthesiology & Pain Clinic
- ✓ Audiometry & Speech Therapy
- ✓ Cancer Clinic / Oncology
- ✓ Cardiology
- ✓ Chest & Respiratory Medicine
- ✓ Dentistry & Dental Surgeries
- ✓ Plastic & reconstructive surgery
- ✓ Psychiatry and De-addiction
- ✓ Andrology & Urology
- ✓ Ear, nose & throat
- ✓ Dermatology
- ✓ Dietetics
- ✓ General Medicine
- ✓ Gynecology
- ✓ Hepatobiliary & Gastroenterology
- ✓ Minimally Invasive Surgery
- ✓ General surgery
- ✓ Nephrology (Dialysis/Kidney Transplant)
- ✓ Neurology &Neuro-Surgery
- ✓ Ophthalmology
- ✓ Orthopedic- Joint & Spine Surgery
- ✓ Pediatrics
- ✓ Physiotherapy
- ✓ Plastic & reconstructive surgery
- ✓ Psychiatry and De-addiction
- ✓ Andrology & Urology

CENTRE FOR:
***Kidney Transplant***
***Lifestyle Management***
***Geriatric Care***
***Oncology***
***Robotic Surgery***

FACILITIES AVAILABLE:
*Emergency Medical Service*
*Intensive Care Unit (I.C.U)*
*Fully equipped Operation Theatre*
*Out-patient Department*
*In-patient Department*
*Diagnostics*
*Radiology*
***NOTE: CASHLESS/MEDICLAIM Available*

DIAGNOSTIC SERVICES:
2-D Echo | ECG | Treadmill Test
Video Endoscopy
Radio Diagnosis:
X-Ray, USG, OPG
Laboratory Medicines:
Clinical Biochemistry, Microbiology, Serology, Pathology, Hematology, Histopathology

***DONATIONS WELCOME !***
****Valid 80g, CSR, FCRA Available***

**ADDRESS: Valji Ladha Road,Mulund (W),Mumbai-400080**
022-3504 3541
022-35043544
+91-9321890460
hmnhospital.org
HIRAMONGINAVNEET
HIRA MONGI NAVNEET HOSPITAL

# ત્રણ દાયકાને આરે પહોંચેલી ભાડઈ માધ્યમિક શાળા શૈક્ષણિક શ્રેષ્ઠત્વનો ગ્રાફ અવિરત જાળવી રાખ્યો છે







વર્ષ ૧૯૯૬માં પૂ. મણિબેન જેરામ પોપટની પ્રેરણાથી સાકરભાઈ શામજી અને શામજી હેમરાજ પોપટ ચેરિટી ટ્રસ્ટની ધર્મશાળામાં પૂ.પ્રભાબેન જે.પોપટ, સ્વ.અજીતભાઈ એસ.પોપટ, શ્રી મનોરમાબેન એસ.પોપટ, લક્ષ્મીબેન એમ. મજેઠીયા, શ્રી કૌમુદિબેન ચિનાઈ, વસંતભાઈ એસ.પોપટ, મૂળરાજભાઈ એસ.પોપટ સૌ ટ્રસ્ટીઓના સહકારથી શરૂ થયેલી ભાડઈ માધ્યમિક શાળા (ભામાશા) શિક્ષણ જગતમાં પા પા પગલી માંડતા માંડતા આજે સતત ત્રણ વખત "શ્રેષ્ઠ શાળાનું બિરૂદ" મેળવી શિક્ષણ ક્ષેત્રે વટવૃક્ષ બની છે. અંતરિયાળ ગામડાના બાળકોને શાળામાં જ સાંજ સુધી સખત મહેનત કરાવી છેલ્લા ૨૭ વર્ષથી ૮૫% ઉપર એસ.એસ.સી.નું પરિણામ સાથે સહાભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા જીવન મૂલ્યો અને કૌશલ્યો વિકસાવી શાળાનું શ્રેષ્ઠત્વ જાળવી રાખ્યું છે.

અત્યાર સુધીમાં ભામાશાનાં અનેક બાળકો સૈન્યમાં જોડાઈ બોર્ડર પર મા ભારતીની રક્ષા કરી રહ્યા છે. ડૉક્ટર, વકીલ, એન્જિનીયર, શિક્ષક, તલાટી, પોલિસ, ફોરેસ્ટ ઓફિસર, એરફોર્સમાં, નાયબમામલતદાર, બેંકોમાં પોતાની ફરજ બજાવતા ભામાશાનું ગૌરવ વધારી રહ્યા છે.

રાજ્યસરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ગુણોત્સવ કાર્યક્રમ દ્વારા શાળાના બધા પાસાની ઝીણવટભરી ચકાસણી કરી શાળાને એ+ ગ્રેડ આપી ભાડઈ માધ્યમિક શાળાને સ્કૂલ ઓફ એક્સેલન્સમાં સમાવિષ્ટ કરેલ છે. એ અંતર્ગત શાળાને રાજ્ય સરકાર તરફથી ત્રણે વર્ગો માટે ત્રણ સ્માર્ટ ટી.વી, લેપટોપ અને ૧૫ કમ્પ્યુટર મળેલ છે. તે બદલ શાળા ટ્રસ્ટી મંડળે શાળાના આચાર્યશ્રી, શિક્ષકો, કલાર્ક અને સેવકને અભિનંદન આપ્યા હતા અને રાજ્ય સરકારનો પણ આભાર માન્યો હતો.



# અર્હમ યુવા સેવા ગ્રુપ, મુલુંડ દ્વારા આદિવાસી બાળકોમાં શાળાપયોગી વસ્તુઓનું વિતરણ





રાષ્ટ્રસંત નમ્રમુનિ મ.સા.ની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ, જનરેશન નેક્સ્ટ મુલુંડ દ્વારા સોમવાર, તા. ૮ જુલાઈના આદિવાસી વિસ્તારના બાળકોમાં શાળાપયોગી વસ્તુઓ જેવી કે સ્કૂલ બેગ્સ, નોટબૂક્સ, પાઉચ, ટિફિન, કેક, ફૂટી અને સ્ટેશનરી આઈટિમ્સ જેમાં પેન, પેન્સિલ, શાર્પનર, ઈરેઝર અને ફૂટપટ્ટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક સેવાકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય નાના ગામડાઓ અને આદિવાસી પરિવારોમાં વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા અને શ્રેષ્ઠ કારકિર્દીની પસંદગી કરવા માટે પ્રેરિત કરવાનો હતો. ૪૦થી પણ વધુ યુવાનો આ ઉમદા હેતુ માટે જોડાયા હતા. સાચું જ કહેવાયું છે કે પઢેગા ઈન્ડિયા તભી તો બઢેગા ઈન્ડિયા.

મુલુંડથી ૧૦૦ કિમી દૂર મહારાષ્ટ્રના મહાડગાંવ અને પાલીના આદિવાસી વિસ્તારની ૫ શાળાઓ અને એક આશ્રમશાળાના ૫૫૦થી વધુ વિદ્યાર્થીઓને તેમના શિક્ષણને વધુ સારૂં બનાવવા માટે તમામ જરૂરી સ્ટેશનરી વસ્તુઓ આપવામાં આવી હતી. વસ્તુઓનું વિતરણ કર્યા પછી એ બાળકોના ચહેરા આવી ગયેલું સ્મિત આભારની લાગણી વ્યક્ત કરતું હતું. અર્હમ યુવા સેવા ગ્રુપ, મુલુંડને સેવાની તક આપવા બદલ દાન આપનાર તમામ દાતાઓનો અને લાભાર્થીઓનો અમુલ્ય સહકાર હતો.


Bake Live Studio

MULTIGRAIN BREADS

BREADS ARE NON-NEGOTIABLE,
MAKE HEALTHIER CHOICES WITH US!

- More Healthier
- Rich in Fibre & Protein
- No Maida
- Low in Sugar & Fat
- Clean Label
- 100% Multigrain Breads



Images Used Are For Representation Purposes Only

ENJOY FRESH, WARM BREAD DELIVERED EVERY DAY FROM 8AM TO 11PM

Order Now!

Available on pre- order*

Scan here to view our bread range!

*T&Cs Apply.

Girgaon Chowpatty- 08591306565 Colaba - 9029343535 Mulund- 08591407575



ગુર્જરમાત ફન ક્લબ

વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર

કોઈપણ નોટબુક

72 પેજ, 140 પેજ અને 172 પેજીસ

એક ડઝન પર એક ડઝન ફ્રી

BUY ONE GET ONE FREE




A-4 બુક A-5 બુક લોંગ બુક જમ્બો બુક

B-3, Krishna Kunj, Valji Laddha Road,
Near Vikas Palazo & HDFC Bank, Mulund (West).
Contact : 98690 05403 / 93222 57731

# મૂર્ધન્ય કવિ, ગાંધીયુગના સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીની ૧૧૩મી જન્મજયંતિએ મુલુંડમાં સ્મૃતિવંદના

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા બારિશી નેટવર્કના સહયોગથી ગાંધી યુગના સાહિત્યકાર, ગુજરાતી ભાષાના મૂર્ધન્ય, દિગ્ગજ કવિ શ્રી ઉમાશંકર જોશીની ૧૧૩મી જન્મજયંતિએ ગુરૂપૂર્ણિમાના સપરમા દિવસે એમના અમર ગીતો, કાવ્યો સાથે સ્મતિવંદના રવિવાર તા. ૨૧ જુલાઈના સાંજે ૫ કલાકે મુલુંડ પશ્ચિમમાં કચ્છી લોહાણા મહાજનવાડી, પહેલે માળે, આઈયા બેંકવેટસ (બાળ મંદિર) હોલમાં




કરવામાં આવશે. કલાકારો મીનળ પટેલ, સતીશ વ્યાસ, ગાયન સુરેશ જોશી, શ્રદ્ધા શ્રીધરાણી. વિદ્યાર્થીઓની પ્રસ્તુતિ પણ ધ્યાનાકર્ષક રહેશે. સંચાલન પ્રો. હિતેશ પંડયાનુ, પરિકલ્પના નિરંજન પંડયા અને સંકલન સંજય પંડયાનું છે. સહકાર ગિરીશ ભટ્ટ, દિનેશ ત્રિવેદી. આ કાર્યક્રમમાં પ્રવેશ નિઃશુલ્ક છે. પણ મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોઈ સાહિત્ય રસિકોએ આપેલ નંબર પર સંપર્ક સાધી ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

સંપર્ક કાર્યક્રમ સહયોગીઓ રાકેશ જોશી-૯૩૨૪૮૯૮૨૧૨ અને લાલજી સર-૯૮૯૨૦૦૬૬૨૮.

# મુલુંડ ચેકનાકા ખાતે માઝી લાડકી બહિન યોજનાની અરજીનું વિતરણ કરાયું






શિવસેનાના સચિવ શ્રી સંજય ભાઉરાવ મોરેના જનસંપર્ક કાર્યાલય ખાતે માઝી લાડકી બહિન યોજનાની અરજીનું વિતરણ વોર્ડની મહિલાઓને કરવામાં આવ્યું હતું. પૂર્વ કોર્પોરેટર શ્રીમતી સુખદા સંજય મોરેની હાજરી આ પ્રસંગે રહી હતી. શિવસેના વાગલે વિભાગ સંયોજક પ્રકાશ પાલકર, શિવસેના શાખા પ્રમુખ કિસન વિશ્વકર્મા, કલ્પેશ યેવલે, રામદાસ વળુંજ મહિલા આઘાડીના સૌ.સુવિધા સુરેશ ગુરવ આદિ ઉપસ્થિત રહ્યા હતા.

## મુજો ગામ નંદનવન, મુજો ભારત નંદનવન, કચ્છના પ્રાચીન તીર્થ

# નારાયણ સરોવરમાં વૃક્ષારોપણનો સંકલ્પ

કચ્છ મિત્ર સુખનું સરનામું ગ્લોબલ કચ્છ અને સદભાવના વૃદ્ધાશ્રમ અંતર્ગત કચ્છના પ્રાચીન તીર્થ નારાયણ સરોવરની આસપાસ પર્યાવરણને ધ્યાનમાં લઈ ૨૦૦૦ ઝાડ વાવવાનો સંકલ્પ પર્યાવરણ પ્રેમીઓ, તીર્થની આસ્થા સાથે જોડાયેલ દરેક ધર્મ પ્રેમીઓના સહકારથી કર્યો છે. ત્રણ વર્ષ સુધી જાળવણી/ઉછેર દરમ્યાન દર બીજા દિવસે પાણી, સમયસર ખાતર અને દાતા પરિવારોને ઝાડના ફોટો મોકલી એની વૃદ્ધિની માહિતી વગેરે આપવામાં આવશે. રૂા.૩૦૦૦ લેખે એક ઝાડના ખર્ચની સામે રૂા.૧૫૦૦ સદભાવના વૃદ્ધાશ્રમ તરફથી અનુદાન મળશે. દાતા પરિવારે ફક્ત અર્ધા ખર્ચ પ્રમાણે રૂા.૧૫૦૦ લેખે ૧,૫,૧૦,૨૫,૫૦,૧૦૦ કે વધારે ઝાડના અનુદાન આપવા આવેદન કરીએ છીએ. ઝાડ પર્યાવરણ, પશુ-પક્ષીઓ માટે આશિર્વાદ રૂપ બનશે. પૃથ્વી પર એનેક ફાયદાઓ ધરાવતા આ યજ્ઞમાં ભાગીદાર થવા કે વિશેષ માહિતી વોટ્સએપના માધ્યમથી મેળવવા દિનેશ હેમરાજ વિસરીયા ૯૩૨૨૨૧૩૮૭૭ પર સંપર્ક કરવા વિનંતી. CSR અને 80g અંતર્ગત ઈન્કમ ટેક્ષમાં લાભ લઈ શકાય છે.

## જસરાજ દાદા મૂર્તિ ભાવપ્રતિષ્ઠાની તૃતીય વર્ષ પૂર્ણાહુતિએ સ્મૃતિવંદના કરાઈ

શ્રી કચ્છી લોહાણા મહાજન -મુલુંડ દ્વારા ત્રણ વર્ષ પહેલાં જસરાજ દાદા મૂર્તિની પાટોત્સવના એક ભાગ અંતર્ગત ભાવપ્રતિષ્ઠા આર આર ટી. રોડ સ્થિત મહાજનવાડીમાં પહેલે માળે દરિયાસ્થાન હોલમાં ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવી હતી. તા. ૯,૧૦ અને ૧૧ જુલાઈના ધાર્મિક ઉત્સવ, પાટોત્સવની સ્મૃતિઓને અષાઢ મહિનાની સુદ પાંચમે તા.૧૧ જુલાઈના રોજ જસરાજ દાદા ધૂપ આરતીમાં વાગોળવામાં આવ્યા હતા. મુલુંડ મહાજનશ્રીના ટ્રસ્ટી શ્રી વસંતભાઈ ચંદેની વિશેષ ઉપસ્થિતિ હતી. જેમણે જસરાજ દાદા મંડળના પ્રમુખ



જગજીવનભાઈ તન્ના, મહામંત્રી લાલજી સરના સંન્નિષ્ઠ પ્રયાસોની પ્રશંસા કરી હતી. લાલજી સર, રમેશ ગણાત્રા, ભારતીબેન આઈયાએ મહાજનશ્રી દ્વારા ઉજવાયેલા ભાવપ્રતિષ્ઠા મહોત્સવની શાબ્દિક ઝાંખી કરાવી હતી. જગજીવનભાઈ તન્નાએ ભાવુક સ્વરે વર્ષ ૨૦૦૪થી દાદાની આ રીતે શરૂ થયેલ કાર્યયાત્રાને યાદ કરી મહાજનશ્રીના મળી રહેલા સાથ માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી. શરૂઆતમાં ભાવિકો જસરાજ દાદા ધૂપ આરતી-અંજલિ ગીત, રણગીત, થાળ, આરતીમાં જોડાયા હતા. પ્રસાદી શાંતિલાલભાઈ ઠક્કર તરફથી હતી. કાર્યક્રમનું સંકલન સંચાલન મહામંત્રી લાલજી સરે કર્યું હતું.

# જન્મજાત મોતીબિંદુ (કોન્જેનાઈટલ કેટરેક્ટ)




જન્મજાત મોતીબિંદુમાં બાળકની એક અથવા બંને આંખોના લેન્સ બાળકના જન્મ સમયથી જ ધૂંધળા (cloudy) હોય છે. સામાન્ય રીતે તંદુરસ્ત આંખના લેન્સ પારદર્શક હોય છે. તે આસપાસના વિસ્તારમાંથી આંખમાં આવતા પ્રકાશના કિરણોને રેટિના પર કેન્દ્રિત કરે છે.

**જન્મજાત મોતીબિંદુ થવાના કારણો**

સામાન્ય રીતે મોટાભાગના મોતીબિંદુ (મોતિયા કે કેટરેક્ટ) મોટી ઉંમર કે વૃદ્ધત્વ સાથે થાય છે.એનાથી વિપરીત, જન્મજાત મોતીબિંદુ બાળકના જન્મ સમયે જ હાજર હોય છે.જન્મજાત મોતીબિંદુ દુર્લભ છે. મોટાભાગના લોકોમાં, એ થવા માટેનું કોઈ કારણ શોધી શકાતું નથી.

જન્મજાત મોતીબિંદુ ઘણીવાર નીચેની જન્મજાત ખામીઓના ભાગ રૂપે થાય છે:

''કોન્ડ્રોડીસપ્લેસિયા સિન્ડ્રોમ'' જન્મજાત રૂબેલાણુકોનરાડી-હુનરમેન સિન્ડ્રોમ '' ડાઉન સિન્ડ્રોમ (ટ્રાઇસોમી ૨૧)'' એક્ટોડર્મલ ડિસપ્લેસિયા સિન્ડ્રોમ'' પારિવારિક જન્મજાત મોતીબિંદુ ''ગેલેક્ટોસેમિયા'' હેલરમાન-સ્ટ્રેઈફ સિન્ડ્રોમ'' લોવ સિન્ડ્રોમ'' મરીનેસ્કો-યોગ્રેન સિન્ડ્રોમ'' પિયર-રોબિન સિન્ડ્રોમ'' ટ્રાઇસોમી ૧૩

**જન્મજાત મોતીબિંદુના લક્ષણો**

જન્મજાત મોતીબિંદુ મોટે ભાગે મોતિયાના અન્ય સ્વરૂપો કરતાં અલગ દેખાય છે.

જન્મજાત મોતીબિંદુ ધરાવતા બાળકમાં નીચેના લક્ષણો હોઈ શકે છે:

● બાળક તેની આસપાસની દુનિયાથી દષ્ટિના માધ્યમથી વાકેફ હોય તેવું લાગતું નથી (જો મોતીબિંદુ બંને આંખોમાં હોય તો) ● બાળકની આંખનીમાં કીકી રાખોડી અથવા સફેદ રંગનું ધૂંધળાપણું (સામાન્ય રીતે આંખની કીકી કાળી હોય છે) ● કેમેરા દ્વારા લેવાયેલા ફોટામાં બાળકની ''લાલ આંખ'' ગ્લો (લાલ રીફ્લેક્સ) ખૂટે છે અથવા બે આંખોનું ગ્લો અલગ અલગ હોય છે. ● અસામાન્ય ઝડપથી આંખની હિલચાલ થવી (નીસ્ટાગ્મસ)

**પરીક્ષણો અને તપાસણી**

જન્મજાત મોતીબિંદુનું નિદાન કરવા માટે, શિશુએ નેત્ર ચિકિત્સક (ઓપ્થેલ્મોલોજિસ્ટ) દ્વારા સંપૂર્ણ આંખની તપાસ કરાવવી જોઈએ. શિશુને બાળરોગ ચિકિત્સક (પીડિયાટ્રીશિયન) દ્વારા પણ તપાસવાની જરૂર પડી શકે છે જે વારસાગત વિકૃતિઓની સારવારમાં અનુભવી હોય. બ્લડ ટેસ્ટ અથવા એક્સ-રેની પણ જરૂર પડી શકે છે.

**સારવાર**

જો જન્મજાત મોતીબિંદુ હળવા હોય અને દ્રષ્ટિને અસર કરતા ન હોય, તો તેની સારવાર કરવાની જરૂર નથી, ખાસ કરીને જો તે બંને આંખોમાં હોય.

દષ્ટિને અસર કરતા મધ્યમથી ગંભીર મોતીબિંદુ અથવા માત્ર ૧ આંખમાં હોય તેવા મોતીબિંદુની સારવાર મોતીબિંદુને દૂર કરવાની શસ્ત્રક્રિયા દ્વારા કરવાની જરૂર પડે છે. મોટાભાગની (બિનજન્મજાત) મોતીબિંદુની શસ્ત્રક્રિયાઓમાં, કૃત્રિમ ઇન્ટ્રાઓક્યુલર લેન્સ (IOL) આંખમાં દાખલ કરવામાં આવે છે. નાના બાળકોમાં ઇન્ટ્રાઓક્યુલર લેન્સનો ઉપયોગ વિવાદાસ્પદ છે. ઇન્ટ્રાઓક્યુલર લેન્સ ન નાખવામાં આવે તો બાળકને કોન્ટેક્ટ લેન્સ પહેરવાની જરૂર પડે છે.

એમ્બલીયોપિયાને રોકવા માટે અને બાળક ઉપર નબળી આંખનો ઉપયોગ કરવા દબાણ કરવા માટે પેચિંગ (પટ્ટી લગાવીને એક આંખ બંધ કરવી) ઘણીવાર જરૂરી હોય છે.બાળકને જેના કારણે મોતીબિંદુ થયા છે તે વારસાગત વિકૃતિઓ માટે પણ સારવાર કરવાની જરૂર પડી શકે છે.





# આદિવાસી આશ્રમ શાળાના વિદ્યાર્થીઓને વસ્તુઓનું વિતરણ

લાયન્સ ઈન્ટરનેશનલના ડિસ્ટ્રીક્ટ ૩૨૩૧ એ-૨ ના ગવર્નિંગ કાઉન્સીલ મેમ્બર એસ.કે.પટેલના માર્ગદર્શન હેઠળ મુલુંડના ''જસ્ટ ફોર ગુડ ફાઉન્ડેશન'' દ્વારા ઝાપવાડી આદિવાસી આશ્રમ શાળામાં પ્રાયમરી ધોરણોના લગભગ ૩૦૦ બાળકોને અંદાજે રૂા.૧.૫ લાખની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું જેમાં ચટાઈ, વોટર બોટલ, ધાબળા, ટોવેલ, સ્કૂલ બેગ વગેરેનો સમાવેશ હતો.

જે કલાસરૂમમાં દિવસે ભણે ત્યાંજ રાતના સૂઈ જતાં, દયનીય સ્થિતિમાં વિદ્યા અર્જિત કરતાં, ૫-૭ વરસના આ ભૂલકાઓના ચહેરા પર આ વસ્તુઓ મળવાથી આનંદનું મોજું ફરી વળ્યું હતું.

જસ્ટ ફોર ગુડ ફાઉન્ડેશનના શ્રી વિરલ જૈન, શ્રી અમન જૈન અને સ્ટાફ મેમ્બર્સના હસ્તે આ કાર્ય થયું હતું. આ પ્રસંગે અનુદાનિત આશ્રમ શાળાના સંચાલકોએ જસ્ટ ફોર ગુડ ફાઉન્ડેશન અને લાયન્સ ક્લબનો આભાર વ્યક્ત કર્યો હતો.












# મુલુંડ રેલવે સ્ટેશન પ્લેટ ફોર્મ નં.૧ નું એક્સિલેટર બંધ રહેવાનું શું કારણ?

**જયંતિલાલ મંગે દ્વારા**

મુલુંડ રેલ્વે સ્ટેશન પરના વિવિધ પ્લેટફોર્મ પર લિફ્ટ તેમજ એક્સિલેટરની વ્યવસ્થા શરૂ થઈ છે. જેનો લાભ પ્રવાસીઓ લઈ રહ્યાં છે. પણ મુલુંડ વેસ્ટ મેઈન ગેટ પાસે પ્લેટફોર્મ નં.૧ની યાંત્રિક સીડી-એક્સિલેટર ઘણા દિવસથી બંધ પડેલ છે જેને કારણે સિનીયર સિટીઝન, મહિલાઓને અન્ય પ્લેટફોર્મ પર જવા તકલીફ થઈ રહી છે. વરસાદને કારણે સીડીના પગથિયા ચડતાં પગ સરકી ન જાય એની પણ જાગૃતિ રાખવી પડે છે. આ હાલાકી તુરંત કરવા રેલવે તંત્ર જલદી ઉપાય યોજના કરે એવું પ્રવાસીઓ ઈચ્છી રહ્યાં છે.

# ભાંડુપના સોનાપુર જંક્શનના સિગ્નલને આડે આવેલ વીજપોલને લીધે થતી દુવિધા

ભાંડુપ અને મુલુંડના મધ્યમાં એલ.બી.એસ.રોડ સોનાપુર જંક્શન પર સતત ટ્રાફિકની ભરમાળ રહે છે. અત્રે જંક્શન પર ટ્રાફિક આઈલેન્ડ પર લગાવાયેલ સિગ્નલને આડે વીજપોલ છે જેને લીધે વાહન ચાલકોને સિગ્નલની લાઈટ જોવા માટે દુવિધા થાય છે. આ તકલીફ વહેલી તકે નિવારી લેવાય એ માટે આરટીઓ, સુધરાઈ તંત્ર સજાગતા દાખવે એ લોકો ઈચ્છે છે.




# મુલુંડ રેલવે સ્ટેશન પર ચાલતા કાર્યને કારણે પ્રવાસીઓને થઈ રહેલી તકલીફનો પાર નથી




મુલુંડ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૧,૨ અને ૪ ઉપર વિવિધ પ્રકારના કામો ચાલી રહ્યાં છે. વરસાદ સમયે થતાં સુવિધા કાર્યો પીક અવર્સમાં તકલીફ જન્ય થઈ રહ્યાં છે. પ્લેટફોર્મ પર અમુક ભાગ પર છાપરા ન હોવાથી તથા પ્લેટફોર્મ પરનો અમુક ભાગ આડશ ઊભી કરી રોકી લેવાતા ભર વરસાદમાં ટ્રેનમાં ચડવું-ઉતરવું મુશ્કેલી ઊભી કરે છે.

# ડમ્પિંગ રોડ, આર.પી.રોડ જંક્શન પર ટ્રાફિક જામની દર દિવસની ઝંઝટ

મુલુંડ વેસ્ટ સ્મશાન ભૂમિ પાસે ડમ્પિંગ રોડ અને આર.પી.રોડ જંક્શન સતત વાહનોની અવરજવરથી ધમધમતો હોય છે. ચારે રસ્તાઓથી અવરજવર કરતાં વાહનોને કંટ્રોલ કરવા સિગ્નલ ન હોવાને કારણે સૌની પહેલા જવાની ઉતાવળમાં અન્ય વાહનો માટે અવ્યવસ્થા સર્જે છે. જે ડ્રોન દ્વારા લેવાલી તસવીરમાં જોઈ શકાય છે.



# મારા ડાયરીના થોડા પાનાં : મહારાષ્ટ્રીયન કવિ વિંદા કંદરીકર, આસામ કવિયત્રી ઈંદિરા ગોસ્વામી




મારા જીવન પર ખાડેકરનો પ્રભાવ છે અને મારી કવિતા પર કુસુમાગ્રજનો પ્રભાવ છે. એમની કૃતજ્ઞતા ભાવનાથી આ જ્ઞાનપીઠ પુરસ્કાર મળતા આ ભાવનાથી ભરાયેલો છું. આ પ્રસંગે મારા જીવન પ્રત્યે અને મારા કાવ્યો પ્રત્યે જોવાનો દ્રષ્ટિકોણ કહેવા છે. તે હું માત્ર થોડા શબ્દોમાં જણાવવાનો પ્રયત્ન કરીશ.


કાવ્યના માધ્યમથી જીવનને સમક્ષ થવાનો પ્રયત્ન કરવો જોઈએ. માનવીના અંતરમાં અંતરભૂત થયેલી વિવિધતાને સમજવાનો પ્રયત્ન કરીને એની સાથ તાલમેલ મેળવીને જીવવાનો પ્રયાસ કરવો જોઈએ. માનવી અવસ્થા એટલે સ્થૂલ રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિની વાતોની સાથે માનવીના મન ઉદ્‌ભવા વિચારો અને તરંગોને સમજી શકવાની શક્તિ હોવા જોઈએ. આગળ જતા એ વિચારો માનવીના પ્રતિબિંબ તરીકે દેખાય છે.

મારો વિશ્વાસ વિજ્ઞાન પર છે. ધર્મ પર નથી. ભૂતકાળ જ્ઞાન એ શક્તિ હતી એવું બેકન કહેતા હતાં. પણ મેં જ્ઞાનને એક શક્તિ માનતો નથી પરંતુ હું જ્ઞાનને માણસનો મુક્તિદાતા માનું છું. મને અતિપ્રેત થયેલ જ્ઞાન એ બાહ્ય જ્ઞાન કરતા ભીતરનું જ્ઞાન છે. જે જ્ઞાન મને માણસને સમજવા માટે રસ્તો બતાવે છે. માણસ જે જ્ઞાન નિર્માણ કરે છે. તે સમાજનું જ્ઞાન હોય છે. ફ્રોઈડ, માર્કસ, લિંકન, ગાંધી, ડાર્વિન અને આઈસ્ટાઈન જેટલા માનવી સમાજના મુક્તિ દાતા તરીકે ઓળખાય છે.

આસામની કવિયત્રી ઈંદિરા ગોસ્વામી જણાવે છે. લેખન થકી મને આશરો મળેલ છે. એક નશામાંથી મને છુટકારો મળેલ છે. ૨૬ વરસની તરૂણ અવસ્થામાં મારા પતિ કાશ્મીરના મોરચે શહીદ થયાં હતાં. નાની ઉંમરના સાથે હું વૃંદાવનમાં વિધવા સ્ત્રીઓને જોવા આપી હતી. મોટા ભાગની વિધવાઓ પશ્ચિમ બંગાળમાંથી એટલે આજના બંગલા દેશ ખુલના, રાજશાહી, મેમનસિંહ આ જગ્યાએથી આવેલી હતી.

આ વિધવાઓ ઉધ્વસ્ત થયેલા મંદિરોમાં ઝૂંપડીઓ બાંધીને રહેતી હતી. તે વિધવા સ્ત્રીઓ મૃત્યુના ડર કરતાં મૃત્યુ પછી તેમના દાહ સંસ્કાર કોણ કરશે? બહુજ દયનીય સ્થિતિમાં જીવન જીવન હોય છે. એમના મરણ પછી તેમનું શબ કલાકોના કલાકો ઝૂંપડીમાં પડી રહેતા કોઈક ઝાડુવાળા આવીને એમના શબ ઉપાડીને યુમના નદીમાં નાખી આવતો. આવી કરૂણાજનક હાલત જોઈને મને મારા પર ગુસ્સો આવતો પરંતુ લેખનના કારણે હું મારા ગુસ્સા પર કાબુ મેળવી શકતી હતી.

ખાનગી બાંધકામ કંપનીના મજદૂરો જીવન પર મેં ત્રણ પુસ્તકો લખ્યાં છે. આ લખવા માટે હું માંસાહારી લોકોની દુકાનમાં અને કસાઈઓના



**વિંદા કંદરીકર**

મહોલ્લામાં પણ રહી હતી. મારી જીવનશૈલી સરલ અને પ્રવાહી છે. ઘણું જાણી લેતી હતી. તેમની પાસે ઘણું શિક્ષણ મને મળતું હતું. મારા અનુભવોના પ્રમાણ મારી લખવાની શૈલી મારી પોતાની છે તો સારી છે કે ખરાબ છે. તેની મને ખબર નથી પરંતુ બ્રહ્મપુત્રાના પરિસાળ મારો એક વિશાળ વાચક વર્ગ છે.

આ વાચક વર્ગ થકી સંત શંકરદેવના ઉપદેશોનું મારા હૃદયસ્થાને છે. તેમની ચિંતા મનુષ્ય જાત માટે હતી અને મૌન અસહાય પક્ષીઓની વેદના તેમના હૃદયમાં હતી. તેમનું સંબંધ એ વેદનાઓથી હતી. તેઓ કહેતા હતા પશુઓના આત્મા હોય છે. મારી નવી કાદંબરી 'છિન્ન મસ્તા' મેં કામાખ્યા મંદિરમાં થતી પશુ હિંસાની પ્રથા વિરૂધ્ધ અવાજ ઉઠાવેલ છે. તેમના લોહીમાંથી અભિષેક કરવાની પ્રથા આજે પણ પ્રચલિત છે. આ પ્રકરણ પર આસામી વાચકોની બહુજ પ્રતિક્રિયા આવી ૭૫ ટકા યુવાનો આ પ્રથા વિરૂધ્ધ મત દર્શાવ્યો. આસામી લોકોને સાહિત્ય પર પ્રેમ છે. સાહિત્ય પરિષદની સભા પર પહોંચવા તેઓ રાતભર ચાલી શકતા. વહેતી બાર માસી નદીઓના પ્રવાહને પાર કરીને તે સામા પર પહોંચી શકતા.

આવી સાહિત્ય સભા એ મહાન સાહિત્ય સંસ્થા છે. આ સાહિત્ય સંસ્થા આસામી લોકોની પોતાની સંસ્થા છે. મેં આસમના ઉગ્રવાદ પર પુસ્તક લખેલ છે. છેલ્લા થોડા વરસોમાં ઉગ્રવાદીઓના આંદોલન કારણે આસામની માટી લોહીના લાલરંગે રંગાયેલ હોય છે. આવા સમય કોઈપણ સંવેદનશીલ અને જાગૃત લેખક



**ઈંદિરા ગોસ્વામી**

મૌન બેસી શકે નહી. આસામના ઉગ્રવાદી લોકોના મનને સમજીને તેના પર લખવાની બહુ જ મોટી ઈચ્છા છે. મારું એક સ્વપ્ન છે. મારા ગામમાં શાંતિપૂર્વકનું વાતાવરણ ફરી નિર્માણ થાય.

ભારત અનેક નદીઓનો દેશ છે. આ નદીઓની જળસંપત્તિ વિશાળ માત્રામાં છે. તેવી જ રીતે આ દેશનું સાહિત્ય સંપન્ન ભાષાનો દેશ છે. નદીઓ એ જેમ આ દેશના લોકોને ભૌતિક સંપતિ આપી છે. ભાષાઓએ પણ આ દેશની સભ્યતા અને સંસ્કૃતિને વિશાળ માત્રામાં વિકસાવામાં મદદ કરેલ છે.

### બ્ર.કુ. અને પીએસઆઈની વિશેષ ઉપસ્થિતિમાં આનંદ કલાસીસમાં થયેલા

## નોટબુકસ વિતરણને સુંદર પ્રતિસાદ મળ્યો

સ્વ. જયશ્રીબેન જીતેન્દ્ર ગણાત્રા (રુદ્રાક્ષ લોજીસ્ટીક્સ પ્રા.લિ, રાયડર મુવર એક્ઝીમ)ની તૃતીય પુણ્યતિથિ અને સ્વ. કુસુમબેન લાલજી સર કતીરાની દ્વિતીય પુણ્યતિથિની સ્મૃતિમાં પચાસ ટકાના રાહતના દરે લોંગ નોટબુક્સનું વિતરણ તા. ૩ જુલાઈના રોજ મુલુંડ પશ્ચિમમાં આનંદ કલાસીસમાં કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી વર્ષા દીદી અને પીએસઆઈ રૂપાલી કરકંડે મેડમ (નિર્ભયા સ્કવેડ)ની મુખ્ય મહેમાનશ્રી તરીકેની ઉપસ્થિતિ હતી. જેમની સાથે દીપ પ્રજવલનમાં દાતા પરિવારના શ્રી જીતેન્દ્રભાઈ ગણાત્રા, રાજ ગણાત્રા, શ્રીમતી નિધિબેન રાજ ગણાત્રા, લાલજી સર, વિશેષ આમંત્રિત માજી નગરસેવક જગજીવનભાઈ તન્ના, શ્રી ક.લો.મ. મુંબઈના મંત્રી પંકજ ગણાત્રા, કારોબારી સભ્ય સંજય કોટેચા જોડાયા હતા. પ્રારંભિક વક્તવ્યમાં આયોજક લાલજી સરે સ્વર્ગસ્થશ્રીઓ પ્રતિ સંવેદના વ્યક્ત કરી હતી. પીએસઆઈ રૂપાલી કરકંડે મેડમે આનંદ કલાસીસની નાની જગામાં નોટબુક વિતરણ સહિત શિક્ષણ સાથે થઈ રહેલા ઉમદા સામાજિક કાર્યો માટે લાલજી સરની પ્રશંસા કરી હતી. બ્ર.કુ. વર્ષા દીદીએ પોતાના વક્તવ્યમાં સદ્‌ગત આત્માઓને શ્રદ્ધાંજલિ આપી સંકલ્પ લેવડાવ્યા હતા. જગજીવનભાઈ તન્ના અને શાંતિલાલભાઈ ઠક્કરે પણ પ્રાસંગિક વક્તવ્ય આપ્યા હતા. આ મહાનુભાવોને હસ્તે એડવાન્સ બુકીંગ કરનારા તેમજ નવાઓને નોટબુક્સ આપવામાં આવી હતી. આ પ્રકલ્પ માટે આર્થિક સહયોગ રાજ ગણાત્રા અને લાલજી સરનો મળ્યો હતો. નોટબુક વિતરણ સ્ટોક હશે ત્યાં સુધી આનંદ કલાસીસ, ૧૮, ગાયત્રી બીલ્ડીંગ, એન એસ રોડ, પોલીસ સ્ટેશનની સામે, મુલુંડ પશ્ચિમમાં સાંજે ૬ થી ૭ દરમિયાન ચાલુ રાખવામાં આવશે વિદ્યાર્થીના છેલ્લી પરીક્ષા પરિણામની ઝેરોક્ષ લાવવાની રહેશે ૧૭૬ પાનાની લોંગ નોટબુકના ડઝનના રૂ.૨૮૦ અને અડધા ડઝનના રૂ. ૧૪૦ રહેશે. આ જમા રાશિ આનંદ કલાસીસ રાશન વિતરણમાં આપવામાં આવશે. સંપર્ક : લાલજી સર- ૯૮૯૨૦૦૬૬૨૮.

### કચ્છી નવા વર્ષની ઉમંગભેર ઉજવણી જસરાજ દાદા મંડળ દ્વારા થઈ



કચ્છી નવા વર્ષ, અષાઢી બીજની ઉત્સાહસભર ઉજવણી જસરાજ દાદા મંડળ દ્વારા રવિવાર તા. ૭ જુલાઈના મુલુંડ ચેકનાકા શ્રી જલારામ મંદિરમા કરવામાં આવી હતી. લયબદ્ધ કચ્છી ગીતો, તાલબદ્ધ ભજનો, કચ્છી ગઝલો-મુક્તકોથી મંદિરનો માહોલ કચ્છમય બની ગયો હતો. ભારતીબેન આઈયા, ભારતીબેન ઘોઘારી, આરતી દૈયા, મૈયાબેન કટારિયા, હેમલતાબેન ધીરાવાણી, પ્રીતિ ઠક્કર, ઉષાબેન ઠક્કર, રેખા સચદેવ, યામિનીબેન જોશી, લાલજી સર, જગજીવનભાઈ તન્નાની ઉમંગભેર આ રજૂઆતો કચ્છની ધીંગી ધરાની કચ્છીયતના દર્શન કરાવી ગઈ. શરૂઆતમાં ૬ વર્ષના ક્રિશિવ ઠક્કરે મૌખિક હનુમાન ચાલીસા પારાયણ કર્યું. દર મહિનાના ક્રમ પ્રમાણે સામૂહિક ધૂપ આરતીમાં રણગીત, અંજલિગીત, આરતી, થાળ વગેરે સામુહિકપણે ગાવામાં આવ્યા હતા. ત્યારબાદ અષાઢી બીજની ઉજવણીમાં બધા સામેલ થયા હતા. મંડળ સભ્ય શાંતિલાલભાઈ ઠક્કરે આ દિવસનું ઐતિહાસિક મહત્ત્વ સમજાવ્યું હતું. પ્રમુખ જગજીવનભાઈ તન્નાએ અને ભરતભાઈ ગંગેરિયાએ કચ્છી નવા વર્ષની બધાને શુભકામના આપી હતી. કાર્યક્રમના સંકલન અને સંચાલનમાં મહામંત્રી લાલજી સરે આ દિવસના સંદર્ભમાં કેટલીક દંતકથાઓ વણી લીધી હતી. પ્રદીપભાઈ ધીરાવાણી, પૂજારી પ્રકાશ મારાજ અને શ્રીમતી ઉષાબેન ઠક્કર, રેશમા બારોટની ટીમની બહેનોના મળી રહેલા સહયોગ માટે આભાર માનવામાં હતો. અષાઢી બીજનો દડિયા પ્રસાદ મંદિર તરફથી આપવામાં આવ્યો હતો.

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

Manav Ethnic
BY RUSHI GADA
Zaver Road, Mulund West

# ANNOUNCEMENT

It is with heavy heart that we announce our last day of business will be on **31st July, 2024.**

We would like to thank our loyal staff & customers over the years for making us a part of your lives and thank you for all of the kind words and patronage that you have extended to us.

## Stock Clearance Offer

Suits / Sherwani / Indowestern
**₹ 5000/- flat**

All Kurta Set & Jackets
**50% off**

All Fabrics
**40% off**

Mob.: +91 87796 80521 | www.manavethnic.com

Showroom No. 1-4, Kala Sagar Building, Near Jain Mandir,
Zaver Road, Mulund (W), Mumbai - 400080.